SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

FEBRUARY 2005



AUSTRALIA



NEW ZEALAND

LOS ANGELES

Publisher:-
Shree Swaminarayan Temple, Ahmedabad-1

પ્રકાશકઃ-
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧




સીડની મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આયોજીત શોભાયાત્રામાં હરિભક્તો તન્મય બનીને નાચી રહ્યા છે.



સીડની શહેરમાં શોભાયાત્રામાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી સાથે મૂખ્ય યજમાન પ.ભ. દેવરાજભાઈ હાલારીયા લાભ લેતાં.



લોસ એંજલસ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે આયોજીત મહાપૂજામાં લાભ લેતાં હરિભક્તો અને કીર્તન ભક્તિ કરતાં યુવા હરિભક્તો.



પ.ભ. ડૉ.કાન્તિભાઈ પટેલ પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીને ઓકલેન્ડ મંદિર અંગે વિસ્તૃત માહિતી આપી રહ્યા છે.

સૂચિત મંદિર ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ)





સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેશમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN
શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ ફેબ્રુઆરી - ૨૦૦૪

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	શ્રી નરનારાયણદેવ સ્વયં શ્રીહરિ	૫
૪.	કર્મનું રહસ્ય	૭
૫.	લોભને વશ આજ્ઞાનું ઉલ્લંઘન મોટો અનર્થ સર્જે છે	૯
૬.	વૈદિક ગ્રંથોમાં વિશ્વકલ્યાણની ભાવના	૧૦
૭.	શ્રી સ્વામિનારાયણ ભગવાન અંતઃકાળે જરૂર તેડવા આવે છે	૧૨
૮.	ભક્ત	૧૪
૯.	એકાદશી વ્રતનો મહિમા અને ઉત્પત્તિ	૧૫
૧૦.	વગર વિચાર્યું ન કરો	૧૬
૧૧.	ચેત ચેત નર ! ચેત	૧૮
૧૨.	સ્વભાવ અને જીવન	૨૦
૧૩.	સત્સંગ સુરભિ : અંતરને ઓળખે એ અંતર્યામી	૨૧
૧૩.	કપટીએ કપટ કર્યું	૨૩
૧૫.	સત્સંગ બાલવાટિકા (૧) સર્વોત્તમ દવા : શિક્ષાપત્રી	૨૪
૧૬.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૬

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : snndmandir@india.com
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ જગતને પોતાના દિવ્ય સ્વરૂપનું જ્ઞાન આપવા માટે "વસંત" ઋતુની પસંદગી કરી અને "શિક્ષાપત્રી" જેવો મહાન ગ્રંથ જગતના મુમુક્ષુઓ માટે પોતાના જ વાંગમય સ્વરૂપ રૂપે આપ્યો છે. તેવા આ આનંદદાયક શિતળ શાંત વાતાવરણને જ મોક્ષની સાધનામાં ભારતીય મનુષ્યોએ પણ ઈષ્ટ માનેલું હોય તેવું જણાય છે. જેવોને ગીતાનો ઉપદેશ પણ ભગવાન શ્રીકૃષ્ણે આવી જ ઋતુ માગશર માસની એકાદશી પસંદ કરી છે. "मासानां मार्गशिषोऽहं" કહીને માગશરમાસને પોતાનું દિવ્ય સ્વરૂપ કહ્યો છે. ધનુર્માસની પવિત્રતા અને બ્રાહ્મમૂહુર્તમાં કડકડતી ઠંડીમાં વહેલાં આપણે સૌ મળીને પ્રાચીન પરંપરાથી ચાલી આવતી શ્રીહરિના ષડક્ષરી મહામંત્રની ધૂન્ય કરીએ છીએ. જેથી અંતરના માયા પડને ખોલી ને જ્ઞાનરૂપ અજવાળું આપણા અંતરમાં થઈ આવે તેવો જ કંઈક સુંદર ભાવ અને શ્રધ્ધા આપણા દિલો દિમાગમાં સમાયેલ છે. અને એ શ્રધ્ધા અને ભાવનાને આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ પૂર્ણ કરે છે. અને સદાય કરતા રહેશે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
- શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
ના જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જાન્યુઆરી – ૨૦૦૫)

૭. અમેરિકા અને સીડની (ઓસ્ટ્રેલીયા) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી પર્થ અને ઓકલેન્ડથી સ્વદેશ આગમન.

૮. ધમાસણા ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. લાલભાઈ શંકરભાઈ પટેલ(માજી મેમ્બર)ને ત્યાં પધરામણી.

૯. નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦. વચનામૃત શતામૃત પારાયણ પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી, ડી.કે. પટેલ હોલ, નારણપુરા.
પ.ભ. પટેલ ગૌતમભાઈ શંકરભાઈને ત્યાં હોમાત્મક મહાપૂજા પ્રસંગે પધરામણી, નવરંગપુરા.

૧૧. અસલાલી શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૧૨. લીલાપુર (મૂળીદેશ તા. લખતર) શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૪. અમદાવાદ મંદિરમાં ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી.
અનુરાગ રેસીડેન્સ સ્કીમની ખાતવિધિ પ્રસંગે પધરામણી, મેમનગર.
ઘાટલોડીયા હિરાબાગમાં એક હરિભક્તને ત્યાં પધરામણી.
પ.ભ. નટવરલાલ ધનજીભાઈ મીસ્ત્રીને ત્યાં પધરામણી, દરિયાપુર.

૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં વિજય સ્તંભ સ્થાપન વિધિ અને શાકોત્સવ પ્રસંગે પધરામણી. મહાદેવનગર રતનપુરા ગુરુકુલમાં મહાપૂજા પ્રસંગે પધરામણી.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર સુરવદર (તા. હળવદ મૂળી દેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૭. ઈન્દ્રપુરા ગામે હરિભક્તોને ત્યાં પધરામણી ત્યાંથી માણેકપુર (ચૌધરી) શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮ થી ૨૦ ફોટડી (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૧. શ્રીરામ એસ્ટેટમાં પધરામણી, ઓઢવ. ધર્મેશ જ્વેલર્સના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી, મણીનગર.

૨૨. સાંખ્યયોગી ગૌરીબાના સ્મરણાર્થે આયોજીત પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી ધ્રાંગધ્રા ગુરુકુળ.
પ.ભ. બાબુભાઈ શિવલાલ ઠક્કરના નવા મકાનમાં પધરામણી, પાલડી.

૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી કમલેશભાઈ દેવચંદભાઈ પટેલના લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, બાપુનગર.
'જય ગણેશ ટ્રેડર્સ' દુકાનના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી, ચાંદખેડા.
પ.ભ. મનોજભાઈ ધુળાભાઈ પટેલને ત્યાં પધરામણી, રાણીપ.

૨૪. શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ચરાડવા શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫-૨૬ અંબાજી હિરા લક્ષ્મી સરસ્વતી સદનમાં આયોજીત 'સત્સંગ યુવા શિબિર' પ્રસંગે પધરામણી.

૨૭. શ્રી પ્રભુ હનુમાનજી મંદિર જમીયતપુરા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૮. સમૌ (તા. માણસા) શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. ઘનશ્યામભાઈ ગણેશભાઈ પટેલ (વિહારવાળા)ને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, નરોડા.

૩૦. શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ હાથીજણ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
પ.ભ. બળવંતભાઈ ભરતભાઈને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, અમરાઈવાડી.

૩૧. પ.ભ. પંકજભાઈ દયારામ ઠક્કરને ત્યાં વાસ્તુ પ્રસંગે પધરામણી, ધુમારોડ.
સાપાવાડા (તા. ઈડર) પ.ભ. મોહનભાઈ અમીચંદભાઈ પટેલને ત્યાં સત્સંગ સમારોહ પ્રસંગે પધરામણી.

સર્વે સત્સંગી માત્રને જરૂરી સૂચન

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની બહુજ સ્પષ્ટ પણે પોતાના સર્વે આશ્રિતોને આજ્ઞા છે કે પોતાની આવકમાંથી દશમો ભાગ અથવા વ્યવહારે દુર્બળ હોય તેને વીસમો ભાગ દેશ વિભાગના આધારે પોતે જે દેશવિભાગમાં વસતા હોઈએ તે દેશ વિભાગના દેવને અર્પણ કરવો.

કેળવણી સંસ્થાઓ, ગુરૂકુળો કે મંદિરોના નિર્માણ થતા હોય અથવા કોઈપણ સ્થાનમાં દાન કરવું હોય તો ધર્માદામાં કાપ મૂકીને દાન ન અપાય. દેવનો ધર્માદો અમદાવાદ શ્રી નરનારાયણ દેવની ગાદીના આશ્રિતોએ શ્રી નરનારાયણદેવના કોઠારમાં જ પોતાનો ધર્માદો (રોકડ, અનાજ ઈત્યાદિ) જમા કરાવી પાકી પાવતી મેળવવી જરૂરી છે.

સર્વાવતારી શ્રીહરિની ઈચ્છાથી આપણો સંપ્રદાય દેશ વિદેશમાં બહુ વિસ્તૃત અને વ્યાપક બનતો જાય છે. દાતાઓ ઘણી વખત ક્યાં દાન આપવું, ક્યાં વાસ્તવિક જરૂર છે. ઈત્યાદિથી પુરા સજાગ ન હોવાથી અયોગ્ય જગ્યાએ દાનનો પ્રવાહ વળી જાય છે. માટે દાતાઓને સૂચન છે કે દાન માટે યોગ્ય માર્ગદર્શન પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પાસેથી મેળવવાથી જરૂરિયાતવાળા મંદિર, કેળવણી સંસ્થા, ગુરૂકુળ ઈત્યાદિ અંગે દિશા સૂચન મળી શકશે.

ઉપનયન સંસ્કારોત્સવ

સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજ

શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ઉપનયનસંસ્કાર - યજ્ઞોપવિત

વૈશાખ સુદ-૩ તા. ૧૧-૫-૦૫ ના રોજ

ધામ ધૂમથી ઉજવાશે.

શ્રી નરનારાયણદેવ સ્વયં શ્રીહરિ

– પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

શ્રીજી મહારાજના મુખની દિવ્ય વાણી શિક્ષાપત્રી તથા વચનામૃતમાં વાંચતા જઈએ ત્યારે આનંદની અવધિ રહેતી નથી. ભગવાન પુરુષોત્તમ નારાયણ આપણને નવી સમજણ અને યથાવત અર્થઘટનની સૂજ આપી પુલકિત કરે છે. ક્ષણભર તો આપણી સમક્ષ શ્રીહરિની દિવ્ય મૂર્તિ તાદૃશ થઈ જવા પામે છે.

આપણા પૂર્વાચાર્ય શ્રીહરિના અપર સ્વરૂપ પૂજ્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ તો પ્રત્યેક સભામાં શ્રી નરનારાયણદેવના યશોગાન ગાઈ તેમનું જેવું છે તેવું માહાત્મ્ય સદાકાળ દર્શાવતા રહે છે. **અમદાવાદનું ૭મું તથા જેતલપુરનું ૫મું વચનામૃત વાંચવા હંમેશા મહારાજશ્રી આપણને અનુરોધ કરતા રહ્યા છે તે આપણા મોટાભાગ્ય છે. શ્રી નરનારાયણદેવ પરત્વે મહારાજશ્રીનો અતૂટ અનન્ય સ્નેહભાવ તથા પૂજ્ય ભાવ રહ્યો છે.**



શ્રી નરનારાયણદેવની મહત્તા સત્સંગીજનોને, ધર્મપ્રેમીજનોને, આધ્યાત્મિકતાને અનુસરનારાઓને સમજાય અને તેઓ સૌ આ જન્મમાં મોક્ષભાગી બનવા પામે અને આ લોક તથા પરલોકમાં સર્વ સુખીયા થાય તેવા શુધ્ધ ભાવે પોતાની ષષ્ટિપૂર્તિ મહોત્સવ પ્રસંગે "વચનામૃતમાં નરનારાયણદેવ" એવી નાની પરંતુ અંજનશલાકારૂપ પુસ્તિકા સ્વયં સ્વહસ્તે લખીને પ્રકાશીત કરીને પૂ. મહારાજશ્રીએ સમગ્ર જગતની માનવજાત પર બહુ મોટો ઉપકાર કર્યો છે. **શ્રીજી મહારાજ આજે પણ શ્રી નરનારાયણદેવમાં પ્રગટ સ્વરૂપે બિરાજમાન છે.** આમ અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ આપણી સમક્ષ કે આપણી વચ્ચે રહીને આપણા સંકલ્પો પૂર્ણ કરી રહ્યા છે. એવી અતિશય ગૂઢ કે અગમ્ય વાત માત્ર મહારાજશ્રીજ આટલી બધી સરળતાથી આપણને સમજાવી શકે.

જેતલપુરના પાંચમાં વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે..... સર્વે સાંભળો આજ તો અમારે જેમ છે તેમ વાત કરવી છે. જે ભગવાનને ભજવા એથી બીજી વાત મોટી નથી. કાં જે ભગવાનનું કર્યું સર્વે થાય છે. અને શ્રી નરનારાયણદેવને પ્રતાપે કરીને અમારૂ કર્યું પણ થાય છે. હું તો ભૂત, ભવિષ્યને વર્તમાન એ ત્રણ કાળને વિષે સર્વ ક્રિયાને જાણું છું..... અમે વારે વારે શ્રી નરનારાયણદેવનું મુખ્યપણું લાવીએ

છીએ તેનું તો એજ હારદ છે. શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી તેજ આ સભામાં બિરાજે છે. તે સારૂં મુખ્યપણું લાવીએ છીએ. અને તે સારૂં અમે અમારું રૂપ જાણીને લાખો રૂપિયાનું ખરચ કરીને શિખરબંધ મંદિર શ્રી અમદાવાદમાં કરાવીને શ્રીનરનારાયણદેવની મૂર્તિયું પ્રથમ પધરાવી છે. પ્રત્યક્ષ શ્રી નરનારાયણદેવ તેને મેલીને આ ભરતખંડના મનુષ્ય બીજા દેવને ભજે છે. તે તો જેમ વ્યભિચારિણી સ્ત્રીયો હોય તે પોતાના ધણીને મેલીને બીજા જારને ભજે તેમ છે. અમે આ સંત સહિત જીવુંના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ. તે માટે તમે જો અમારૂં વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું.'' આમ શ્રીહરિએ આપણને મોક્ષની ખાત્રી આપી છે.

સં. ૧૮૮૨ના ફાગણ વદી સપ્તમીના દિને શ્રીજી મહારાજશ્રી અમદાવાદમાં શ્રી નરનારાયણદેવના મંદિરના વિષે દરવાજાના મેડા ઉપર વાસુદેવ માહાત્મ્ય વંચાવતા હતા. પછી સંધ્યા સમયે લીંમડાના વૃક્ષ તળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા ત્યારે શ્રી પ્રાગજી દવેએ પૂછ્યું કે હે મહારાજ! તમારે વિષે કિયે પ્રકારે મન સ્થિર થાય ને વ્યભિચારને કોઈ કાળે ન પામે તે કહો, ''શ્રીજી મહારાજે કહ્યું કે ભગવાનનું માહાત્મ્ય જાણવા થકી ભગવાનને વિષે મન સ્થિર થાય છે. ત્યાર બાદ ભગવાનનું માહાત્મ્ય જાણવાની રીત શ્રીહરિએ બતાવતાં સ્વસ્વરૂપ વિષે પણ જણાવ્યું..... અને વળી હું કેવો છું ? તો મારા આ પગને અંગુઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમાં, તારા આદિક સર્વે તેજાયમાન છે..... ને જે જીવ મારે શરણે આવ્યા છે એને મારૂં સર્વોપરી જે ધામ છે તેને પમાડીશ. અને તે સર્વેને અંતર્યામી જેવા કરીશ. ને બ્રહ્માંડની ઉત્પત્યાદિ કરે તેવા સમર્થ કરીશ. પણ પછી પામી ને એમ જાણે જે હુંજ મોટો છું, એમ જાણીને ઋષિરૂપ એવા જે પ્રત્યક્ષ શ્રી નરનારાયણદેવ તેને ગણવાજ નહિં એવો અહંકાર આવવા દેવો નહિં, ને એમ જાણવું જે શ્રી નરનારાયણદેવની કરૂણાએ કરીને હું મોટપ પામ્યો છું.''

આપણા આત્યંતિક કલ્યાણ અર્થે પ.પૂ.ધ.ધુ. પૂર્વાચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે આ પુસ્તિકામાં શ્રી નરનારાયણદેવ વિષે શ્રીહરિની મુખની દિવ્યવાણી ના વચનામૃતો ગ.પ્ર. ૮, ગ.પ્ર.પ્ર. ૪૮, ગ.પ્ર.પ્ર. ૭૩, ગ્ર.પ્ર.પ્ર. ૭૪, સા. ૧૬, ગ.મ.પ્ર. ૨૧, ગ.મ.પ્ર. ૨૨, અમ. ૪, અમ. ૬, અમ. ૮, જેત. ૩, જેત. ૪ અને જેત. પના પ્રકરણો સમાવિષ્ટ કરી ખૂબ પરિશ્રન વેઠ્યો છે. પ્રતિદિન તેનું વાંચન મનન નિદિધ્યાસ કરીએ તો મહારાજશ્રીનો આ પરિશ્રમ સાર્થક થાય. આચાર્ય મહારાજશ્રીનો આ પરિશ્રમ જીવનમાં ઉતારી મોક્ષ ભાગી બનીએ.

નિવૃત્તિ માં પ્રવૃત્તિ

સમગ્ર સત્સંગ જાણે છે કે આપણા નિવૃત **પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** એ પોતાના નિવૃત્તિકાળ દરમ્યાનનો સંપૂર્ણ સમય પોતાના શુભ મંગળ સંકલ્પ સમા આપણા સંપ્રદાયના અદ્વિતિય આયોજન **'શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ'** (નૂતન નિર્માણાધિન)ના નિર્માણ અને સંચાલનમાંજ વ્યસ્ત રહેશે. આ આયોજન ઝડપથી આગળ વધી રહ્યું છે.

જેથી હવે પ.પૂ. મોટા મહારાજશ્રી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના સ્થળ પરની પોતાની ઓફિસમાં બિરાજશે. સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન ત્યાં દર્શન કરવા આવી શકાશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
ટર્ફ સ્કુલની સામે, એ.ઈ.સી. નારાયણપુરા પાછળ,
નારાયણપુરા અમદાવાદ-૧૩.
ફોન : ૨૭૪૧૯૫૯૭ ● ટેલી-ફેક્સ : ૨૭૪૯૯૫૯૭.

કર્મનું રહસ્ય

– પ્રો. મહાદેવ ધોરિયાણી
(રાજકોટ)

આત્મનિરીક્ષણ દ્વારા જ મનમાં ઘૂસી ગયેલી દુષ્પ્રવૃત્તિઓનું નિવારણ શક્ય બને છે. અને આપણે તેમને જડમૂળથી ઉખેડીને ફેંકી દેવા માટેનો પૂરો પ્રયાસ કરતા રહેવુ જોઈએ. દુષ્કર્મોને છોડી દેવા. અને સદ્‌ગુણોનો વિકાસ કરવો એ જ મનુષ્ય જીવનનું લક્ષ્ય છે. પાપમય જીવનનો પ્રારંભ દુર્જનોના કુસંગથી થાય છે. જ્યારે મનુષ્ય સુસંગતિમાં પડે છે ત્યારે તેની બુધ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. સુસંસ્કાર માનવતાના મૂળને પોલાં બનાવી દે છે.

જેવું કર્મ એવો ન્યાય, અર્થાત્ તેનું શુભ અથવા અશુભ ફળ આપે છે. કર્મોનું ફળ તો મળે જ છે. એમાંથી કોઈ પણ બચી શકતો નથી.

"અવશ્યમેવ ભોક્તવ્યં, કૃતંકર્મ
શુભાશુભમ્"

વિચાર એટલે જ કર્મ. ચિંતન કરવું એ ખરેખરું કર્મ છે. કર્મયોગ સાથે ભક્તિયોગ અને જ્ઞાનયોગનો સુભગ સમન્વય હોવો જરૂરી છે.

"કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।" તારે કર્મ કરવું, ફળનો દાતા હું છું. કર્મ-નિષ્ઠા ધર્મનિષ્ઠાપૂર્વકની હશે તો જ જીવનની ભવ્યતા દીપી ઉઠશે. કર્તવ્યની વેદી પર કુરબાની કરવાની પ્રેરણા આપે તે કર્તવ્ય-નિષ્ઠા. કર્તવ્યની ઉપેક્ષા નહિ, કર્મ-ફળની અપેક્ષા નહિ,જીવન તો માગે છે કેવળ તિતિક્ષા. જેવાં કર્મ તેવાં ફળ. સંત તુલસીદાસજીએ કહ્યું છે કે, -

"કર્મ પ્રધાન વિશ્વ કરી રાખાઃ ।
જોજસ કરિયે તસફલ ચાખાઃ ॥"

આ નિયમને ન જાણનારા લોકો કહે છે કે, " આજ કસાઈને ઘેર કુશળતા અને ધર્મીને ઘેર ધાડ ! " એમ બને છે, પણ તે તેના પાછલા જન્મનું ફળ ભોગવે છે. તેમ સમજવું જોઈએ. કર્મદેવતા જે ફળ જમા છે તે ભોગવાવે છે. જો આંબા વાવ્યા હશે તો તેને આંબાનું ફળ અવશ્ય ખાવા મળશે જ.

પુણ્ય અને પાપની ટુંકી પરિભાષાએટલી જ છે કે, "પરોપકાર કરવો તે પુણ્ય અને બીજાને પીડવા તે પાપ છે." પુણ્યથી પ્રભુ પ્રસન્ન થાય છે. ને પાપથી પ્રભુ નાખુશ થાય છે. "હું કરું છું" એમ જાણવું એ તો વૃથા અભિમાન છે, અજ્ઞાન છે, કારણ કે દરેક પ્રાણીઓ પોતપોતાના કર્મ બંધન વડે જ જકડાયેલાં છે. પાપ એટલે અનિષ્ટનું પરિણામ અને પુણ્ય એટલે સત્કર્મનું પરિણામ. નિષ્ક્રિયતા તો મૃત્યુ સમાન છે. સક્રિયતા જીવંતતાની નિશાની છે.

"મળે છે દેહ માટીમાં, પણ
માનવીનું નામ જીવે છે;
મરે છે માનવી પોતે, પણ માનવીનાં
કામ જીવે છે."

ભગવાન કહે છે : "નિયતં કુરુ કર્મ ત્વમ્... ।" તું નિયત કર્મ કર. કર્તવ્યની ભાવનાથી થયેલું કર્મ એટલે જ નિયત કર્મ. હે અર્જુન । તું ઊઠ અને કર્મમાં પ્રવૃત થા. ભક્તિ, કર્મ, જ્ઞાન અને યોગના સમન્વય દ્વારા જ પરમાત્માના દર્શનની પ્રાપ્તિ થાય છે. પરમાત્મા પ્રત્યે શ્રધ્ધા રાખવી એ કૃતજ્ઞતા છે. અને તેનું કાર્ય કરવું એ જીવનનો "કર્મયોગ" છે. કર્મયોગની આ કળા સિધ્ધ કરવી જોઈએ.

માનવી કર્મ કર્યા વિના એક ક્ષણ પણ રહી શકતો નથી, આ કર્મો બંધનકર્તા ન નીવડે તે જોવું પણ જરૂરી છે. આપણાં સત્કર્મો પ્રભુ પ્રત્યે વળેલા હોવા જોઈએ. આ સતકર્મો નિષ્કામ અને નિઃસ્વાર્થભાવે કરવા જોઈએ. સાત્વિક વિચારો ધરાવનાર જ કર્મયોગ સાધી શકે.

ભોગનિષ્ઠ લોકો ભોગ પ્રાપ્તિ માટે સત્કર્મ કરવા પ્રેરાય છે. કેટલાક લોકો બીકને લીધે સત્કર્મ કરે છે. આપણે કર્મો આંતરવિકાસ માટે કરવાં જોઈએ. સર્વ કાર્યો પ્રભુ સમર્પિત ભાવથી થવાં જોઈએ. આને શ્રેષ્ઠ કર્મ કહે છે. જીવનમાં ઉદારતા, ભવ્યતા, તેજસ્વીતા અને કારુણ્યનો પ્રકાશ તો જ આવશે. ગીતાકાર કહે છે : "આવા

કાર્ય કરો, કાર્ય કરો પણ આસક્ત ન થાઓ, તેમાં સપડાઓ નહિ. આ છે નિષ્કામ કર્મયોગ.''

''જેવી કરે છે કરણી, તેવી તરત ફળે છે,
બદલો ભલા-બૂરાનો, અહીંનો અહીં મળે છે.''

કર્તવ્ય કર્મ કરવામાં બે વસ્તુઓ - મુખ્ય બે વૃત્તિઓ આડે આવતી હોય છે. : એક છે લાલસા અને બીજી અહંકાર વૃત્તિ. આ બંને વૃત્તિઓ એટલી તીવ્ર હોય છે કે તે કર્તવ્યમાંથી મનુષ્યને ચલિત કરી દે છે. સુખ બાહ્ય પદાર્થોમાં નથી. માટે તેમની લાલસા કરવી તે મૂર્ખતા છે.

કર્મમાં બીજો અવરોધ છે અહંકાર. આમાંથી બચવાનો ઉપાય છે નમ્રતા. કર્મમાં રસ ન પડે. અને તેને ટાળવાની ઇચ્છા થાય તેનું નામ આળસ અને પ્રમાદ. આળસુ માણસ નિષ્ક્રિય બની જાય છે. આ માટે ગીતાકાર કહે છે :

''શરીરયાત્રાપિ ચ તે ન
પ્રસિધ્ધયેદકર્મણઃ ।''
(ભ.ગી.૩ - ૮)

કર્મ નહિ કરે તો તારું શરીર પણ નહિ ચાલે. કર્મથી શરીર ક્રિયાશીલ રહે છે. અને મન-બુધ્ધિ પણ સક્રિયતા એ આ યંત્રનો ધર્મ છે. પ્રમાદ એટલે જે કરવાનું હોય તેને બદલે બીજું જ કંઈ કર્યા કરવું. પ્રમાદ અસાવધાની માંથી જન્મે છે. અને સાવધાનીથી તે દૂર થાય છે. કર્તવ્યની ભાવનાથી દરેકે દરેક કર્મ કરવામાં આવે તો રાગ - દ્વેષ ધીરે ધીરે દૂર થતા જાય છે, મન સ્વચ્છ, પ્રસન્ન બનતું જાય છે. અને કર્મ પોતે જ આનંદનું સાધન બની રહે છે.

સૃષ્ટિનો સિધ્ધાંત છે કે કાર્ય હંમેશા કારણને અનુરૂપ હોય છે. જેવું વાવે તેવું લણે. નિષ્ક્રિયતા કરતાં તો ફળની આકાંક્ષાથી કરેલું કર્મ પણ સારું છે. પરંતુ તેથી પણ સારું કર્તવ્યની



ભાવનાથી કરેલું કર્મ છે. કર્મ એ જીવન વિકાસની અને શાશ્વત સુખ પ્રાપ્ત કરવાની અમૂલ્ય તક છે.

''કૃપણાઃ ફલહેતવઃ'' ફળની ઇચ્છાથી જ કર્મ કરનાર કૃપણ છે, પામર છે. કર્મ આંતરિક શક્તિઓની અભિવ્યક્તિ માટેનું એકમાત્ર સાધનછે.

હે અર્જુન ! એક વ્યક્તિએ કરેલા કર્મની અસર સમષ્ટિ પર પડતી હોય છે. માટે તારા દરેક કર્મને સમષ્ટિની રચનાનું, સમષ્ટિની સેવાનું સાધન બનાવી દે. આ સમજ, આ પરિપકવતા જો આપણામાં જન્મશે તો અર્જુનની જેમ આપણે પણ કહી શકીશું.

''કરિષ્યે વચનં તવ !'' આપનું કહ્યું હું કરીશ.

માટે જે સારું કામ કરવું તે-વિચારીને કરવું, તરત કરવું,સરસ કરવું, જાતે કરવું અને પુરું કરવું. 'સત્કાર્યો' ને ધનની માફક ગણતાં રહેજો. (૧) કહે ઘણું પણ કરે નહિ, (૨) કહે એટલું કરી બતાવે અને (૩) કશું જ કહ્યા વિના માત્ર કર્યા જ કરે, આ ત્રણમાંથી તમે કોણ ?

દુઃખનું એક કારણ આ છે કે, આપણે મોહમાં પડીએ છીએ, આથી ગીતા કહે છે, ''સતત કાર્ય કરો, કાર્ય કરો, પણ આસક્ત ન થાઓ, તેમાં સપડાઓ નહિ. જેને માટે જીવાત્મા ખૂબ જ ઝંખે તેવી પ્રિય વસ્તુમાંથી પણ અનાસક્ત થવાની શક્તિ તમારામાં જમાવો. કર્મ, ભક્તિ, જ્ઞાન અને યોગના સુભગ સમન્વય દ્વારા પરમાત્મ દર્શનની પ્રાપ્તિ થાય છે. આનંદ મેળવવા માટે આપણે અનાસક્ત થવું જરૂરી છે.

તમારા અંગત આરામ માટેની, અંગત ઇચ્છાની તૃપ્તિની, આનંદ - વિનોદની કે સુખોપભોગની દરેક રીતની ઝંખના તજી દો. તમારી ઝંખના માત્ર એક જ હોવી જોઇએ - ''પ્રગતિ.'' ચેનથી જીવવા માટે ચાર રોટી ને બે લંગોટી કાફી છે, પરેશાનીથી જીવવા માટે ચાર કાર અને બે બંગલા પણ પૂરતા નથી. આપણી પાસે ''કેટલું છે'' તેમાં નહિ, પણ આપણે ''કેટલું માણી શકીએ છીએ'' તેમાંજ સુખ સમાયેલું છે. મારે જોડા નથી એમ બબડતો હતો, પણ મેં પગ વિનાનો માણસ જોયો અને હું ચૂપ થઈ ગયો !

લોભને વશ આજ્ઞાનું ઉલ્લંઘન મોટો અનર્થ સર્જે છે

- જયંતિભાઇ કે. સોની (મેમનગર)

કરોડો જન્મના પુણ્યના પ્રતાપે આપણને સત્સંગમાં જન્મ પ્રાપ્ત થયો છે. સત્સંગમાં આપણે પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રાપ્ત કરવા આવ્યા છીએ. નહિ કે આ લોકની સત્તા-માન-મોટાઇ કે પદ. મોટાઇ કે પદની વાત છે ત્યારે આપણને તાજેતરમાં આચાર્ય મહારાજશ્રીના ગાદીભિષેકનાં પવિત્ર પ્રસંગને નજરે નિહાળ્યો છે. જેની યાદ ચિરઃસ્મરણીય બની જાય છે. પૂર્વ આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે પોતાના પદ જે સત્સંગમાં સર્વોપરિ છે તેનો સ્વેચ્છાએ ત્યાગ કરી પોતાના પુત્ર શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજને અર્પણ કરી પોતે નિવૃતિ ગ્રહણ કરી છે. આ પ્રસંગે ઉપસ્થિત દરેક હરિભક્તોની આંખો અશ્રુભીની કરી છે. આ હા ! કેટલો મોટો ત્યાગ ! કેટલી મહાનતા ! દેશ-વિદેશમાં કે અન્ય પરોક્ષમાં પણ જેની વાહ વાહ બોલાય તેવા ચારિત્ર્યશીલ સર્વોચ્ચ સદ્‌ગુણોથી સંપન્ન અને સિધ્ધિના શિખરો છેલ્લા ૩૫-૩૫ વર્ષોથી મધ્યાહ્‌ને તપતા હોય તેવા કરોડો સતસંગીઓનાં હૃદયસમ્રાટ, શ્રીજીના લાડીલા પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજની ત્યાગ ભાવના સર્વોપરિ સ્વામિનારાયણ સંપ્રદાયનાં ઇતિહાસમાં અન્ય દીવો લઇને ગોતે તો પણ મળે તેમ નથી. ભગવાનશ્રી - સ્વામિનારાયણના વખત પછીનો આ પ્રથમ પ્રસંગ છે. આવી પદ ત્યાગ ભાવનાથી શ્રી નરનારાયણદેવ તેમજ ઇષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન કેટલા બધા રાજી થયા હશે તે તો મોટા સમાધિનિષ્ઠ યોગીપુરુષો જ જાણતા હશે !

આમાંથી પ્રેરણા લઇ આપણે પણ આજથી જ શ્રી નરનારાયણ દેવનાં ચરણારવિંદમાં પ્રાર્થના કરી નક્કીકરીએ કે મહારાજની મૂર્તિ એજ આપણી સાચી સત્તા-સંપત્તિ કે પદવી છે. મૂર્તિમાં સર્વ સુખ સમાયેલુ છે. એટલે જ મૂર્તિ સર્વસ્વ છે. અને સર્વોપરિ છે. તેમ તેમની આજ્ઞાનું પાલન પણ આપણાં માટે સર્વોપરિ હોવું જોઇએ. ભગવાન પોતાનાં અક્ષરધામને વિષે દિવ્ય ઐશ્વર્ય, પાર્ષદ, દિવ્ય શક્તિ સહિત રહ્યા છે, તેવા ને તેવા જ પ્રત્યક્ષ પ્રમાણ છે. તો તેમની આજ્ઞાનો લોપ થાય જ નહિ. અને તે વિના બીજી જે રીતની પોતાના સ્વભાવ અનુસારે પ્રકૃત્તિ હોય તેને ટાળવી. મનનું ગમતું મુકીને શ્રીજીની આજ્ઞામાં રહીને થોડીક ભજન-ભક્તિ કરી હશે તો પણ તેના ઉપર જ મહારાજની કૃપા ઉતરશે.

શ્રીજી મહારાજે સંવત ૧૮૮૬ નાં વર્ષમાં મંદવાડ ગ્રહણ કર્યાનું ચરિત્ર કર્યું. મંદવાડ ગ્રહણ કર્યા ને છ માસ અગાઉથી પોતે ઘણી ઉદાસીનતા જણાવી હતી. કોઇ સમય ખાય, કોઇ વખત ન ખાય, કોઇને બોલાવે, કોઇને ન બોલાવે. વનમાં જેવી રીતે તપ કર્યું હતું ને જેવું શરીર સુકવી નાંખ્યુ હતું તેની માફક છેલ્લી વખત શરીર સુકવી નાખ્યું તે જોઇને સ.ગુ. મુક્તાનંદ સ્વામી તથા સ.ગુ. ગોપાળાનંદસ્વામી વિગેરે સદગુરુઓએ વિચાર કર્યો જે શ્રીજી મહારાજ આ લોકનો ત્યાગ કરી જરૂર અક્ષરધામમાં પધારશે. તેમાં કોઇ સંદેહ નથી. આવો નિશ્ચય કરીને સાઇઠ સાધુને મહારાજની સેવામાં રાખ્યા. તેમાંથી ત્રીસ સાધુ દિવસે સેવામાં રહે અને રાત્રિએ પણ ત્રીસ સાધુ મહારાજની સેવામાં રહે, તે સિવાય અવારનવાર સાધ, બ્રહ્મચારી, પાળા, તથા હરિભકતો મહારાજની મન-કર્મ-વચને સેવા કરતા. એક દિવસે મહારાજને એવો વિચાર થયો કે સર્વજનો મારી સેવા બહુ સારી કરે છે, ને રાત-દિવસ ઉભા પગે રહે છે. જેમ ચંદ્રને ચકોર પક્ષી સામુ જોઇ રહે તેમ મારી સામુ જોઇને સર્વે સેવામાં હાજર રહે છે. માટે આ સંતોને

(અનુસંધાન પાના નં.૧૩ પર)

વૈદિક ગ્રંથોમાં વિશ્વકલ્યાણની ભાવના

– સાધુ પ્રિયવ્રતદાસજી (અમદાવાદ મંદિર)

સનાતન વૈદિક આર્ય સંસ્કૃતિની ગરિમા આપણા પવિત્ર ભારત દેશમાં વૈદિક ગ્રંથોમાંનું અનેરું મહત્વ છે. આધ્યાત્મિક, ભૌતિક, આર્થિક, આયુર્વેદિક અને વિશેષરૂપે માનવતાના વલણ સુસંસ્કૃતિનું સ્વાભિમાન તથા ગૌરવ છે. સર્વ પ્રકારના વિવિધ જ્ઞાનના પાસાનો સમાવેશ વેદોમાં થઈ જાય છે. વેદોમાં ખરેખર જ્ઞાન વિજ્ઞાન ની સમુદ્રી રેલમ-છેલ જોવા મળે છે. જગતની પ્રાચીન માનવ સંસ્કૃતિનો અભ્યાસ વેદોમાં સમૃધ્ધ રીતે જોવા મળે છે.

યજુર્વેદ ગર્જના કરે છે કે કૃણ્વન્તુ વિશ્વંઆર્યઃ અર્થાત્-વિશ્વમાં પથરાયેલી માનવજાતને સાચા અર્થમાં સુસંસ્કૃત માનવ બનાવો. માનવી તરીકેની સભ્યતાનું ભાન કરાવો. અહો ! સાનંદાશ્ચર્ય થાય છે કે "વેદોમાં સુંદર રીતે વિશ્વકલ્યાણની ભાવના સમાયેલી છે. સનાતન વૈદિક ધર્મ વિશે તેથી જ તો કોઇ શંકાને સ્થાન રહેતું નથી કે તે માનવીએ રચેલો ધર્મ છે. વૈદિક ધર્મના પ્રણેતા પરમ સત્ય પરમેશ્વર શ્રી કૃષ્ણ છે. તેથી વેદો પરમ સત્ય ભગવાનની દેન (અમૂલ્ય વારસો) કહેવાય છે. વેદો એટલે ચાર વેદ, અઢાર પુરાણ, એકસો આઠ ઉપનિષદ, રામાયણ, વેદાંતસૂત્ર, સહિત ષડદર્શન ઈત્યાદિ સમજવામાં અને માનવામાં આવે છે.

કહેવાતા પોથી-પુસ્તકો કે માનવ રચિત ધર્મોની જેમ વેદોમાં ક્યાંય સતત ઝઘડાખોરી, ઉગ્રવાદો, દુરાગ્રહ, ઈર્ષા કે લડાયક પશુવૃત્તિથી આર્ય સંસ્કૃતિના પ્રચારની કર્કશતા જોવા મળતી નથી. પરંતુ સુસંસ્કૃત માનવી બતાવીને વિશ્વકલ્યાણની ભાવનાનું ઔદાર્ય છણાવટ વેદની દરેક ઋચાઓમાં જોવા મળે છે. દેવો, દાનવો, માનવ, પશુપક્ષીઓ, વૃક્ષલતાઓ, કીટકોકે જીવજંતુઓ પ્રત્યે પણ સૌહાર્દ અને આત્મીયતાના ભાવોર્મિઓ ઈશ્વરકૃત ગ્રંથ વેદોમાં જોવા મળે છે. આ બાબત જ સ્પષ્ટ સત્યતાને પુષ્ટ કરે છે. વેદ પરમ સત્ય ઈશ્વર રચિત ગ્રંથો છે. તેથી દરેક ભારતીય સભ્યવર્ગને અને વિશ્વના કોઇ પણ માનવીને વેદોએ બક્ષેલી વિશ્વબંધુત્વની ભાવના ખરેખર હૃદયસ્પર્શી બની જાય છે. વૈદિક ગ્રંથરત્ન સાહિત્યમાં ક્યાંય ઠગવાની વૃતિ, અજ્ઞાનતા, આળસ, અતિશયોક્તિ, ભ્રષ્ટ ખોરાક, બળવો નથી. પરંતુ સુખ અને આનંદના આશીર્વાદ ડગલે ને પગલે છે.

"ૐ સર્વે ભવન્તુ સુખીનઃ સર્વેસન્તુ નિરામયા ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખ ભાગ્ભવેત્ ॥ વેદ"

સર્વ ભારતીયો જાગો અને વૈદિક ધર્મ પ્રત્યે પાછા વળો. વૈદિક ધર્મમાં અનોખી અપૂર્વ તાકાત છે કે દૈત્ય (દાનવ) ના દુર્ગુણોથી ગ્રસ્ત વ્યકિતને પણ સુસંસ્કૃત માનવતા બક્ષે અને સાચા અર્થમાં માનવ બનાવે. વેદ એટલે -

ઈશ્વરના ઉપદેશનું જ્ઞાન-વિજ્ઞાન. તેથી વેદોમાં વર્ણવાયેલો ધર્મ વૈદિક ધર્મ કહેવાય છે. ઈશ્વર રચિત આ વૈદિક ધર્મમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી બંને પૃથક કરી બતાવ્યા છે. પરમેશ્વરનું વિજ્ઞાન અને ઉપદેશ સૂર્ય પ્રકાશની જેમ સ્પષ્ટ છે. તે ધવલ દુગ્ધ સમાન પવિત્ર છે. જ્યારે અજ્ઞાનતા શું છે- તે પણ વેદોમાં જણાવ્યું છે કે - શાસ્ત્રોના આદેશ અનુસાર મનુષ્યનું જીવન જીવવા પ્રત્યે વલણ નથી. તો તે અધર્મ છે. તેથી ધર્મ અને અધર્મનો

નિર્ણય કોઈ દેવ, દાનવ કે માનવ ના કરી શકે. પરંતુ વૈદિક ગ્રંથ ભગવદ્ ગીતા અવશ્ય જણાવે છે. કારણ કે તે પરમેશ્વરની અમૃતવાણી છે. તે પરમેશ્વર શ્રી કૃષ્ણએ ઉપદેશેલો ધર્મ છે. તેથી માનવીએ શાસ્ત્રો અનુસાર જીવન ઢાળવું જોઈએ. મનુષ્યના માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થ કૃષ્ણની સેવા ભક્તિમાં સમાઈ જાય છે. કારણ કે વેદોનો ગૂઢ સંકેત માનવી ને કૃષ્ણ ભાવના (બ્રેસા બ્રાહ્મી સ્થિતિ) ના પંચમ પુરુષાર્થમાં સ્થાપવાનો છે. તેથી બુધ્ધિશાળી અને ચતુર મનુષ્યોએ બ્રહ્મભાવના અર્થાત્ કૃષ્ણ સેવાનો શુભ સંકેત વેદોમાંથી શીખવો જોઈએ. અતઃપરંબ્રહ્મ, ઈશ્વર, કર્તા, ઓમ, પરમેશ્વર પરમાત્મા ઈત્યાદિ સર્વે નામો ભગવાન શ્રી કૃષ્ણનાં જ નિર્દેશક છે. અર્થાત્ શ્રીકૃષ્ણના સંબંધમાં તે વપરાયેલાં છે.તેમ જાણવું. તેથી વેદોમાં પરમ સત્ય કૃષ્ણને જાણવાનો ઉપદેશ છે. કૃષ્ણ કેવી રીતે પરમસત્ય છે. તે તેનું પણ વૈદિક ગ્રંથોમાં વિસ્તારથી વર્ણન છે.

સર્વોપરિ શ્રીજી મહારાજે જેના એક એક શબ્દ એક એક વાક્ય જોઈ ચેક કરીને પોતાની મહોર મારેલી તેવા વચનામૃત, શિક્ષાપત્રી, સત્સંગિજીવન અને સત્સંગિભૂષણ જેવા મહાનગ્રંથો મૂળ સંપ્રદાયની પરંપરામાં હસ્તપ્રતોમાં આજે પણ જે તે સ્થિતિમાં સંગ્રાહેલા છે.

વસંતના વધામણા

ચલો સખી સહુ વસંત વધાવા, ધર્મવંશીને દ્વાર;
જોતાં વદન શ્રીધર્મકુળનું, મટે અંગે મદનવિકાર. ચલો૦ ૧

મંગળ થાળ ભરી ભામિનીયો, સજે સોળે શણગાર;
શ્રીફળ આંબામોર અક્ષત લઈ, પૂજીયે ધર્મકુમાર. ચલો૦ ૨

અબીલ ગુલાલ અરગજ્યા કુમકુમ, કેશર મૃગમદ સાર;
પ્રેમપુલકિત ઘનશ્યામ પિયાપર, છાંટીયે વારમવાર. ચલો૦ ૩

ધન્ય ધન્ય ભાગ્ય આપણાં સજ્ની, ધન્ય લેખે અવતાર;
પ્રેમાનંદ ઘનશ્યામ પિયાસંગ, વાધ્યો પ્રેમ અપાર. ચલો૦ ૪

જયશ્રી સ્વામિનારાયણ

: સૂચના :

આથી સર્વે ત્યાગી ગૃહી સત્સંગી માત્રને ખાસ સૂચન છે કે આપણા અમદાવાદ દેશ ગાદીમાં સંપ્રદાયની પરંપરા અને એક વાક્યતા જળવાઈ રહે તે માટે જ્યારે કોઈપણ આમંત્રણ પત્રિકા તેમજ પોસ્ટર, બેનર વગેરે કોઈપણ પ્રસંગના છાપવામાં આવે ત્યારે છપાવતા પહેલાં તેનો કાચો ડ્રાફ્ટ અમદાવાદ મંદિરના મહંત સ્વામી પાસે મંજુર કરાવી તેમની મંજુરીની સહી કરાવી પછી જ છપાવવી. મંજુરી વગર છપાવેલ આમંત્રણ પત્રિકાના પ્રસંગમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઉપસ્થિત રહી શકશે નહિ.

આજ્ઞાથી
- મહંત સ્વામી



શ્રી સ્વામિનારાયણ ભગવાન અંત:કાળે જરૂર તેડવા આવે છે

- લેખક : દિનેશભાઇ કે.ભગત.

ઓગણીસમી સદીની ધર્મશોધક પ્રવૃત્તિઓમાં સ્વામિનારાયણ સંપ્રદાય કાળક્રમે પ્રથમ આવે છે. ઉધ્ધાવતાર સ.ગુ. રામાનંદ સ્વામીએ ઈ.સ. ૧૭૫૫ માં ઉધ્ધવ સંપ્રદાય સ્થાપેલો. લોજ ગામમાં ૧૦ માસ પ્રતિક્ષા કર્યા પછી રામાનંદ સ્વામીને નીલકંઠવર્ણી પીપલાણામાં મળ્યા. ૧૮૦૧માં તેમની પાસે ભાગવતી દીક્ષા લઈને નીલકંઠવર્ણી, નારાયણ મુનિ સહજાનંદ બન્યા. પછી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને પોતાના ઉત્તરાધિકારી તરીકે નિયુક્ત કર્યા. અને ૧૮૦૨ માં રામાનંદ સ્વામી સ્વધામ પધાર્યા. પછીના ૨૮ વર્ષ દરમિયાન ધર્મ પ્રચારનું કાર્ય ઉપાડી લેવા ઉપરાંત ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છમાં હાલની જેમ અદ્યતન સગવડો નહી હોવા છતાંય માણકી ઘોડી ઉપર કે બળદ-ગાડાંમાં - કેટલીક વખત દાતણ ત્યાં દીવો નહીં એવા સતત પ્રવાસ કરીને જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને આત્મનિષ્ઠા વગેરેની સાચી સમજ આપીને લોકોને અધર્મને માર્ગેથી વાળી ધર્મને માર્ગે વાળી, આદર્શ સત્સંગી - આદર્શ નાગરિકો બનાવ્યા. તેમનાં સાધુઓ તથા હરિભક્તો ઉપર વિરોધીઓ પ્રહાર કરતા.છતાંય તેનો સામનો કર્યા વિના સહન કરીને સ્વધર્મને નિષ્ઠાપૂર્વક વળગી રહ્યા હતા. આથી જ અંગ્રેજ શાસકોએ તેમના કાર્યને બિરદાવી સાથ-સહકાર આપ્યો હતો. કેટલાક અંગ્રેજ લેખકોએ આ કારણે જ સ્વામિનારાયણ ને મહાન હિન્દુ સમાજ સુધારક તરીકે બિરદાવ્યા હતા. તેમના ત્રીસ વર્ષના જીવનકાળ દરમિયાન સામાજીક અને ધાર્મિક નવચેતનાનું મોજું ફરી વળ્યું. સ્વામિનારાયણ ભગવાને રાજા મહારાજા - કાઠી દરબારોથી માંડીને ગરીબમાં ગરીબ ના દ્વારોને પાવન કરીને તેમના સંકલ્પો પૂર્ણ કર્યા, જેથી તેમની હયાતીમાં જ લાખો ભક્તો તેમને ભગવાન માનતા. તેમના સંતો પણ એવા પ્રતાપી હતા કે તેમણે આપેલા આશીર્વાદ ફળતા - આપેલા કોલ સત્ય ઠરતાં. અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામીને ઉમરેઠમાં એક દિવસ તાવ આવ્યો. એટલે રઘુવીરજી મહારાજને કહ્યું કે આપણે સર્વે વડતાલ ચાલો. બીજે દિવસે વડતાલ આવ્યા. અને ત્યાં એક દિવસ રહ્યા. તે પછી સ્વામીએ કહ્યું કે બધા રોટલા જમી આવો. બધા જમી આવ્યા પછી સ્વામીને શ્રીજીમહારાજના અલૌકિક દર્શન થયાં. તે સમયે હજારો શ્રુતિઓ બોલીને સ્વામીએ ઘણીવાર મહારાજની સ્તુતિ કરી. અને બહુ ચમત્કાર જણાવીને સંવત ૧૯૦૮ ના વૈશાખ વદી પાંચમે દેહત્યાગ કરીને અક્ષરધામમાં પધાર્યા. વડતાલમાં તેમના સમાધિસ્થાનના દર્શન કરી લોકો ધન્યતા અનુભવે છે.

જે સમયે દાદાખાચરે દેહત્યાગ કર્યો તે સમયમાં શ્રીજી મહારાજ લાખો કરોડો વિમાન લઈને તેડવા આવ્યા. તેમને તેડીને પોતાનો અલૌકિક પ્રતાપ બતાવીને લઇ ગયા. તે સમયમાં ચંદનની વૃષ્ટિ કરતા હતા. અને ઘણા ગામના હરિજનોને આવા અલૌકિક દર્શન થતા હતા.

પ.પૂ. કૃષ્ણાનંદ સ્વામીએ ભક્તિપ્રિયદાસને પૂર્વે એમ કહ્યું હતું કે જ્યારે હું દેહ છોડીશ ત્યારે તમો મારી પાસે હશો. પછી તેઓ જુદા મંડળોમાં ફરતા હતા. પછી સોળની સાલમાં અમદાવાદ મંદિરમાં કૃષ્ણાનંદ સ્વામી માંદા થયા. અને ભક્તિપ્રિયદાસજી ફરવા ગયા હતા ત્યાંથી આવ્યા ત્યારે સ્વામીએ કહ્યું કે મેં તમને કહ્યું હતું તે સત્ય થયું. આજે હું દેહ મૂકીશ અને મહારાજનાં દર્શન થયાં. અને મહારાજ અલૌકિક પ્રતાપ બતાવીને તેમને બોલતા ચાલતા

અક્ષરધામમાં તેડી ગયા.

ગામ વ્યારમાં તરવાડી અમૂલખને મહારાજ અંત સમયે તેડવા આવ્યા. અને તે દેહ મૂકીને મહારાજ સાથે ચાલ્યો. ત્યારે તેમની બેન માનબાઈએ જણાવ્યું કે અમૂલખ વાસનિક છે. તે મહારાજને મૂકીને બીજા લોકમાં રહી જશે. એમ જાણીને સમાધિ કરીને ઠેઠ અક્ષરધામ સુધી મૂકવા સારૂ ગયા. અને અક્ષરધામમાં મૂકીને પાછા આવ્યા.....

જેઠ માસમાં જ્યારે સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ દેહ મૂકવાનો સંકલ્પ કર્યો ત્યારે અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા મોટા મોટા સંતોને તેડાવીને જેમ જેમ ઘટે તેમ શિક્ષા વચન કહીને બોલ્યા કે કચ્છના રણમાં જે જે સંતો વિગેરે અમારી પાસે હતા તે બધા આવી ગયા છે.એટલે હવે દેહ મૂકીશું. પછી શ્રીજીમહારાજ સાથે લાખો વિમાન અને મુક્તોને લઈને પધાર્યા. તેના અતિશય તેજથી ભૂમિ અને આકાશ છવાઈ ગયા. મહારાજ બ્રહ્માનંદ સ્વામીને તેડીને છાપરીમાંથી બહાર નીકળ્યા.તે સમયે કેટલાયે લોકોએ જોયું કે મહારાજ બ્રહ્માનંદ સ્વામીને તેડવા આવ્યા છે. એમ દર્શન કર્યા. આમ વિ.સં.૧૮૮૮ ના જેઠ સુદી ૧૦ ના દિવસે બ્રહ્માનંદ સ્વામીએ મૂળીમાં દેહોત્સર્ગ કર્યો.

ગામ પ્રાંતિજમાં એક હરિભક્ત બેનને મહારાજ રાત્રે રથ લઈને તેડવા આવ્યા. માઢ ઉઘડાવીને તેને ઘેર જઈને તે બેનને તેડી પાછા વળ્યા. અને ફરીથી માઢ ઉઘડાવીને રથ હાંકી ગયા. માઢ ઉઘાડનારે પાછા વળતાં રથ સહિત મહારાજને જોયા. અને રથના પૈંડાના ચીલા પણ એણે ભાગોળ સુધી પરોઢિએ જોયા.....

ગામ તલસાણામાં ચારણની દાસીનો એવો નિયમ હતો કે જે સાધુ આવે તેને રસોઈ કરવા છાણાં આપે. તેને અંતકાળે મહારાજે દર્શન દઈને એમ કહ્યું કે તમે અમારા સાધુને છાણાં આપતાં. માટે અમારા ધામમાં તેડી જઈશું. એમ કહી મહારાજ પોતાના ધામમાં તેડી ગયા.

આમ ભગવાન અંતકાળે પોતાના ભક્તોને તેડવા આવી તેમના સંકલ્પો પૂર્ણ કરે છે. શ્રધ્ધા - વિશ્વાસ જોઈએ - શરણાગતિ જોઈએ --!!!

લોભને વશ આજ્ઞાનું ઉલ્લંઘન.....પાનાનં. ૯નું ચાલુ

સાકરના લાડુ શેર શેર ઘી નાખીને જમાડુ, એવો સંકલ્પ કરીને કોઠારી વિરકતાનંદ સ્વામીને અક્ષર-ઓરડીમાં બોલાવીને કહ્યું કે આ સર્વે મારી સેવા બહુ સારી કરે છે. માટે મારા કહેવા પ્રમાણે સાકરનાં લાડુ શેર શેર ઘી નાંખીને રસોઈ કરાવીને મારા વતી આગ્રહ કરીને સર્વેને જમાડો. મારા કહેવા પ્રમાણે તમો સર્વેને જમાડશો તો હું તમારી ઉપર પ્રસન્ન થઈશ. આવી રીતે કહ્યા છતાં પણ લોભને વશ થઈ મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને ગોળના લાડુ દોઢ પાસેરકુ ઘી નાંખીને રસોઈ કરાવીને સર્વે બ્રહ્મચારી-સંત-પાળા-હરિભકતો વિગેરેને જમાડ્યા. સહુ જમીનેધર્મશાળામાં ગયા. જ્યારે મુક્તાનંદસ્વામી ધર્મશાળામાં ન જતા બારોબાર મહારાજ પાસે અક્ષર ઓરડીમાં આવ્યા. મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછયું, "આજ રસોઈ શાની હતી ?" સ્વામી કહે જે ગોળનાં લાડુની. મહારાજે આગળ પૃચ્છા કરી, તેમાં કેટલું ઘી નાંખ્યુ હશે ? સ્વામી કહે દોઢ પાસેરકુ તો હશે જ, પણ ઓછું નહિ હોય ને ઓછું હોય તો કોઠારી જાણે. આવું મુક્તાનંદ સ્વામીના મુખેથી સાંભળીને શ્રીજીમહારાજ કચવાઈ ગયા. ને કોઠારીને તૂર્ત જ પોતાની પાસે બોલાવ્યા ને કહ્યું જે મેં તમને શું કહ્યું હતું ને તમે શું કર્યું ? તમે મારી આજ્ઞાનો લોપ કર્યો તે સારૂ કર્યુ નહિ. એમ વિરકતાનંદ સ્વામીને ઠપકો આપીને શ્રીજી મહારાજ મુક્તાનંદ સ્વામીનાં સામુ જોઈને વાતો કરવા લાગ્યા. કહેવાનું કે શ્રીજી મહારાજ પ્રત્યક્ષ હતા ને ખરા સમયમાં સંત આદિકને જમાડવાનું કહ્યું. પણ આજ્ઞાનો લોપ કર્યો. તેથી પરિણામે વિરકતાનંદ સ્વામીની સ્થિતિમાં ફેરફાર થઈ ગયો હતો. માટે જ આપણે સૌ મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખીને અણીશુધ્ધ આજ્ઞા પાલનનાં વ્યસની બનીશું તો જ મહારાજશ્રીનો અને શ્રીજી મહારાજનો રાજીપો પ્રાપ્ત કરી મહારાજનાં પરમપદની પ્રાપ્તિના અધિકારી બની શકીશું.

ભક્ત

– રજની ગજ્જર (પેથાપુર)

પ્રભુને સમજી શકે એને ભક્ત કહેવાય. ભક્તના ચાર પ્રકાર છે. ચાર પ્રકારમાં એક આર્ત, બીજો જીજ્ઞાસુ, ત્રીજો અર્થાર્થી અને ચોથો જ્ઞાની ભક્ત.

(૧) આર્ત ભક્ત : રોગથી દુઃખી થયેલો હોય, શરીરે દુઃખથી પીડાતો હોય, સમાજના, પડોશના દુઃખોથી પીડાતો હોય અને કંટાળીને હે ભગવાન, આમાંથી પ્રભુ મને છોડાવ. તારા સિવાય મારો બીજો કોઈ રક્ષક નથી, આ જગતમાં મારૂ કોઈ નથી. તું મને બચાવી લે. અહીંથી ત્રાસી ગયો છું. ઘરમાં હેરાન થઈ ગયો છું. ભગવાન મારી જીંદગી કેમ જશે. કાયમ શાંતિ થાય એવું કરી દો મારા નાથ ! આવી સેવાભાવથી ભક્તિ કરે તેને આર્તભક્ત કહેવાય.

દ્રૌપદીજી આર્ત ભક્ત હતાં. જ્યારે દુર્યોધન, દુઃશાસન જેવા પોતાના જ સંબંધીઓએ વસ્ત્રાહરણ કર્યું અને પોતાના જ સ્વજનો આ સભામાં પૂતળાંની માફક શૂન્ય મને બેસી રહ્યા છે. કોઈ સહાય કરી શકતા નથી. ત્યારે હે દ્વારકાધીશ, તમે જ મારી રક્ષા કરવાને સમર્થ છો. અને ભગવાનને રક્ષા કરવા માટે પ્રાર્થના, કાલાવાલા, આજીજી કરતાં, શ્રી કૃષ્ણ પ્રભુએ નવસો નવાણું ચીર પૂર્યા હતાં.

ગજરાજ પણ ભગવાનનો ભક્ત હતો. જ્યારે મગરે એનો પગ પકડીને ઊંડા સરોવરમાં ખેંચી જવા લાગ્યો ત્યારે પોતાની સૂંઢમાં કમળ લઈને ઉંચે સ્વરે પરમાત્માની સ્તુતિ કરી. ભક્તનો અવાજ સાંભળી પરમાત્મા સ્વયં આવી એને ઉગારી લીધો. એટલે ગજેન્દ્ર પણ આર્ત ભક્ત કહેવાયા.

સાચો આર્તભક્ત, પરમાત્માની ભક્તિ કરવામાં મુશ્કેલી, દુઃખ, અગવડ આવી પડે છતાં પણ ભકિતનો ત્યાગ ન કરે.

(૨) જીજ્ઞાસુ ભક્ત :- રાત્રિ દિવસ ભક્તિ કરે પણ ભગવાનનાં દિવ્ય સ્વરૂપનાં દર્શન કરવાં છે. ભગવાનનું સ્વરૂપ કેવું હશે, ભગવાનના ધામ વૈકુંઠલોક, ગોલોક, અક્ષરધામ કેવાં હશે. પરમાત્માના સ્વરૂપની, ધામની સાક્ષાત્કારની જીજ્ઞાસા રાખે તેને જીજ્ઞાસુ ભક્ત કહેવાય.

પરમાત્માનું ઐશ્વર્ય જોવાની જીજ્ઞાસા રહે, અનંત કોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કેવી રીતે થાય, એ બધું જાણવાની જેની જીજ્ઞાસા હોય તેને જીજ્ઞાસુ ભક્ત કહેવાય.

(૩) અર્થાર્થી ભક્ત :- ભૌતિક અર્થની, સ્વાર્થનો ઈચ્છાવાળો, પુત્ર સુખ, ધન સુખ, રાજ્ય સુખ અને સાંસારિક સુખની પ્રાપ્તિ માટે ભગવાનને યાદ કરે એને અર્થાર્થી ભક્ત કહેવાય.

પરમ ભક્ત ધ્રુવજીને તેમના પિતાએ ગાદી ઉપર બેસવા ન દીધા. તેમની સાવકી માતાએ તેમને ધક્કો મારી અપમાનીત કર્યા. ધ્રુવજી શાંત પ્રકૃતિના હોઈ, રિસાઈ ગયા. રાજગાદી મેળવવા માટે, અગાઢ જંગલમાં જઈ તપ આદર્યું. ભગવાનને રાજી કર્યા એટલે તેમની ગણતરી પણ અર્થાર્થી ભક્તમાં થાય.

રાવણનો ભાઈ વિભિષણ પણ લંકાનું રાજ મેળવવા માટે, રાવણનો ત્યાગ કરી રામને શરણે આવ્યો. રાજગાદી મેળવવાના સ્વાર્થથી શ્રી રામની ભક્તિ કરી. એટલે વિભિષણ પણ અર્થાર્થી ભક્ત કહેવાયા.

(૪)જ્ઞાની ભક્ત :- શરીરના સુખ દુઃખ સાથે ભક્તિને કોઈ નિસ્બત ન રાખે. આટ આટલી ભજન ભક્તિ કરવા છતાં પણ આ પીડા (કષ્ટ) કેમ મટતી નથી. જો આપણે ભક્તિ સાથે આપણી પીડા મુશ્કેલી સાંકળીએ તો એ આપણો સ્વાર્થ ગણાય.

જ્ઞાની પુરૂષ, સમજે છે કે આ શરીર તો પંચભૂતનું પૂતળું છે. રોગનું ઘર છે. રોગ થાય, દુઃખ આવે. કુટુંબમાં મુશ્કેલી તો આવે ને જાય. આવી બાબતને ભક્તિ સાથે કંઈ લેવા-દેવા નથી. ભગવાનનું ભજન કરવું, ભક્તિ કરવી,ભગવાનને શરણે રહેવું એ આત્માનું કર્તવ્ય જ છે, એ સિવાય બીજી કોઈ જ વાત નહિ. એને જ્ઞાની ભક્ત કહેવાય.

જ્ઞાની ભક્તોની ભકિત સ્થિર રહેશે. ભગવાનનાં ભક્તોમાં જ્ઞાની ભક્ત શ્રેષ્ઠ છે. જ્ઞાનીની ક્રિયા ભક્તિરૂપ બની જાય છે, ખાતાં, પીતાં, ઉઠતાં, બેસતાં સર્વે ક્રિયામાં ભગવાનની ભક્તિ જ હોય. એની સાધના અને આરાધના એક જ બની જાયછે. જ્ઞાની પુરૂષો વ્રત, તપ, જપ જે કંઈ પણ કરે એ આરાધના માટે જ છે. સ્વામિનારાયણ ભગવાને કહેલ છે કે હરિભક્તની ઈચ્છા પુરી થાય તો એ પાકો સત્સંગી બને છે. અને જો ઈચ્છા પૂરી ન થાય તો ભગવાન છોડી દે છે. પણ જ્ઞાની ભક્ત આવું કંઈ વિચારતો નથી.

(ગીતા પ્રવચનમાંથી સાભાર)

એકાદશી વ્રતનો મહિમા અને ઉત્પત્તિ

– મનસુખ બી. હિરાણી (બળદિયા – કચ્છ)

એકાદશીનું વ્રત બહુ પુણ્યદાયી છે. તમામ વ્રતનો રાજા છે. એકાદશીનું વ્રત કરો પછી રામનવમી, જન્માષ્ટમી, શિવરાત્રિ, નરસિંહ ચૌદશ અને વામન દ્વાદશી આ પાંચ જયંતી વ્રત કરો પછી કોઈ વ્રત કરવાની જરૂર નથી. અરે સમાજમાં તો ડગલે ને પગલે વ્રત કરે છે. કોઈ પીપળાને પાણી રેડીને ત્રણ દહાડા ન ખાય ! ને કોઈ પૂનમનો ઉપવાસ કરશે ! એ કાંઈ શાસ્ત્ર વ્રત નથી. શાસ્ત્ર વ્રત આટલાં જ છે :

ચોવીસએકાદશીઓ અને પાંચ જયંતી વ્રતો. કુલ આંકડો ઓગણત્રીસ થાય. વૈષ્ણવ કોને કહેવાય ? વીસ અને નવ વ્રત કરે એનુ નામ વૈષ્ણવ. ઓગણત્રીસ વ્રતો કરવા એ શાસ્ત્ર આજ્ઞા છે. બાકીનાં મન ફાવે એવા મનકલ્પિત વ્રત કરવા જાઓ તો એનો કોઈ અંત જ નથી. ફક્ત શાસ્ત્ર આજ્ઞા પાળો. તમે સુખી થશો. જે તે વ્રતો કરવાની કોઈ જરૂર જ નથી. એકાદશી તો વ્રતોનો રાજા છે. એ વ્રત જેણે કર્યું એના જીવનમાં કોઈ પાપ રહેતું નથી. એકાદશી વ્રતનો મહિમાં અનંત ઘણો છે. તેનો જેટલો મહિમા ગાઈએ તેટલો ઓછો છે.

એકાદશી વ્રતની કથા રામાયણમાં પણ છે. એકાદશી વ્રત વિધાનની કથા ભાગવતમાં પણ છે. એકાદશી વ્રતની કથા પુરાણોમાં પણ છે. એકાદશી તો પ્રાચીન વ્રત છે. એકાદશી એ દેવી છે. પરમાત્માના સ્વરૂપમાંથી ઉત્પન્ન થયેલી છે. નાડીજંઘ અસુરનો દીકરો મુરદાનવ બહુ બળવાન થયો. કોઈનો માર્યો મરે નહીં. એને કોઈ દેવ-મનુષ્ય મારી શકે નહીં. ભગવાન વિષ્ણુ એની સામે યુધ્ધે ચડ્યા. ભગવાન થાકી ગયા. દૈત્યને કાંઈ થયું નહીં. પ્રભુ નાઠા. એની પાછળ દૈત્ય દોડ્યો. દોડતા દોડતા બદ્રિનારાયણમાં સિંહવતી નામની ગુફા છે. બહુ વિશાળ છે. ખૂબ ઊંડી છે. એમાં ભગવાન વિષ્ણુ જઈને પોઢી જાય છે. પેલો દૈત્ય બહાર દોડતો દોડતો આવ્યો. પ્રભુ શ્રમિત થયેલા એટલે એમની અગિયાર ઈંદ્રિયોમાંથી એક શક્તિ પેદા થઈ. એ શક્તિએ નારીનું રૂપ લીધુ. અને ગુફાને બારણે આવીને ઊભી રહી. એના હાથમાં તલવાર હતી. મુરદાનવ ત્યાં આવ્યો. અત્યંત રૂપવતી આ કન્યાને જોઈને વિષ્ણુને પકડવાનું પોતાનું ધ્યેય એકદમ ભૂલી ગયો. અને કન્યાને પૂછવા લાગ્યો કે તું કોણ છે ? તું પરણેલી છે કે કુમારી ? કન્યાએ જવાબ આપ્યો કે કુમારી છું. પરણવાની ઈચ્છા છે ? હા, તો હું બહુ શુરવીર છું. કન્યાએ કહ્યુ,મારે પ્રતિજ્ઞા છે. જે કોઈ ઉમેદવાર મારી સામે આવે એને મારી સાથે લડાઈ કરવાની. અને યુધ્ધમાં મને જીતી જાય એને હું પરણું. અસુરને એમ થયું. એક કન્યાને જીતવી એમાં શું ? ચાલ, તૈયાર થા. આ કન્યાના હાથમાં તલવાર તૈયાર જ હતી. તરત જ અસુરનું માથું કાપી નાખ્યું. અસુરનું માથું પડ્યું. ધરતી ધ્રુજી ઊઠી ! ભગવાન જાગી ગયા ! બહાર આવ્યા. આ કન્યાને કહે છે કે તું કોણ છે ? પ્રભુ ! તમારી અગિયાર ઈન્દ્રિયોમાથી હું ઉત્પન્ન થઈ છું. મારૂં નામ એકાદશી છે. હું તપસ્વિની છું. તપ મને બહુ ગમે છે. પણ તે તલવાર હાથમાં રાખી છે. એ ફેંકી દે. અસુર મરી ગયો. હવે તલવાર કેમ રાખી છે ? પ્રભુ ! મને રજા આપો. આ તલવારથી હવે હું પાપને કાપીશ. **જે જે પુરુષો મારું વ્રત કરશે એના પાપનો હું નાશ કરીશ.** ભગવાન કહે છે. આજથી આરંભીને તારું વ્રત બધા જ કરશે. પ્રભુએ પછી એકાદશીની સાથે લગ્ન કર્યા. ચોવીશ અવતાર રૂપે ચોવીસ એકાદશીઓ સાથે પ્રભુ પરણે છે. ચોવીશ એકાદશીઓના જુદાં જુદાં નામ છે. ભગવાન એકાદશી ઉપર પ્રસન્ન થઈને પોતાની આંખમાં તેને નિવાસ આપે છે. માટે અવશ્ય એકાદશીનું વ્રત કરવું જોઈએ.

વગર વિચાર્યું ન કરો

– ભીખાલાલ બળદેવદાસ ગજ્જર (દાસ ભીખુ) અમદાવાદ

ગંભીરતાથી વિચાર્યા વિના કાર્ય
કોઈ ન કરો
દાસ ભીખુના નાથનો ઉપદેશ એ
ઉર માંહી ધરો.
તેમજ વગર વિચાર્યું જે કરે
પાછળથી પસ્તાય.

ઉપરની ઉક્તિઓની યાદ આવે છે ત્યારે ઢાળની પોળમાં વસતા ઈન્કમટેક્સ એક્ષપર્ટ શ્રી જયંતિલાલ બાપાલાલ જેઓ ગુજરાતના ચાણક્ય તરીકે પંકાતા અમદાવાદના અગ્રગણ્ય ઉદ્યોગપતિ શેઠથી અચરતલાલ હરગોવનદાસ (બગીચા મિલવાળા)ના જમાઈ થાય. તેમના બેઠક રૂમમાં દીવાલોની ચારે બાજુ નજરે પડતી બ્રાસ પ્લેટની યાદ તાંજી થઈ જાય છે. જેના શબ્દો અંગ્રેજી ભાષામાં "THINK" (થીંક) વિચારો અગત્યની બાબતો વિચારતા કરી વાંચનારના હૃદયમાં ચોટી જતા અને વિચાર મગ્ન કરી દેતા.

સંસ્કૃત ભાષાના મહાપંડિત કીરાત જુનીય વગેરે કાવ્યોના પ્રસિદ્ધ કવિ ભારવી ગૌરવથી ભારતમાં જેનું નામ જાણીતું છે તેઓ વ્યવહારથી ઘણા દુર્બળ સરસ્વતી અને લક્ષ્મીને આડવેર એ ઉક્તિને પ્રમાણીત કરી દેતા. તેમના કુટુંબને અન્ન અને દાંતને છેટું કરી દીધું હતું તેવી પરિસ્થિતિમાં તેમના ગૃહલક્ષ્મીએ તેઓશ્રીને દ્રવ્યોપાર્જન માટે પ્રયત્ન કરવા અન્ય સ્થળોનો પ્રવાસ કરવા માટે વારંવાર આગ્રહ કર્યો ત્યારે પોતાનું હૃદય માનતુ ન હોવા છતાં પત્નીના આગ્રહને ધ્યાનમાં લઈ કમાણી કરવા સારુ અન્યત્ર જવાનો નિર્ણય કર્યો. તે સમયે પોતાના પત્નિને એક અદ્‌ભૂત શ્લોક રચીને લખી આપ્યો અને રાજા રજવાડામાં ફરી સવા લાખ રૂપિયા આપે તેમને તે વેંચવા જણાવી પોતે દ્રવ્ય ઉપાર્જન કરવા નીકળ્યા.

પરમકૃપાળુ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણે પોતાના આશ્રિતો માટે લખેલ શિક્ષાપત્રીના શ્લોક ૩૬માં ઉપદેશ મુજબ કોઈપણ વ્યવહારિક કાર્ય (ધર્મ કાર્ય સિવાય) વગર વિચારે સત્વરે કરવું નહીં "ઉતાવળે આંબા ન પાકે" એ પ્રમાણેનું હતું.

પતિની આજ્ઞા મુજબ તેમનાં પત્નિ પણ તે શ્લોક વેચવા રાજા રજવાડામાં ફરવા લાગ્યાં. અગાધ પરિશ્રમને અંતે એક રાજવીએ પોતાના રાજયના પંડિતોની સલાહ મુજબ તે શ્લોક સવા લાખ રૂપિયામાં લઈ પોતાના શયન ગૃહ અને બેઠક રૂમમાં સહેલાઈથી વાંચી શકાય તે રીતે લખાવી મુકાવી દીધો.

વખતને વહી જતાં વાર લાગતી નથી ! વખતની સાથે ક્યારેક યાદોની પણ વિસ્મૃતિ થઈ જાય છે ! તે રાજા પોતાના રાજ્યના પ્રસારાર્થે નીકળ્યો. વર્ષો વીતી ગયા અને પોતાનું કાર્ય સિધ્ધ કરીને સ્વદેશ પાછો ફર્યો. પોતાની રાણીને વિસ્મય આપવાનો સંકલ્પ કરી સ્વદેશાગમનના સમાચાર પણ આપ્યા નહિ અને અર્ધરાત્રિએ પોતાના શયનગૃહ આવ્યો. ત્યારે બહારથી નિરીક્ષણ કરતાં રાણીને કોઈ યુવાન પુરુષનો અંગુઠો મોમાં ધાલી સૂતેલી દીઠી ! રાણીની સાથે સૂતેલ દેખાયેલ પુરુષ અન્ય કોઈ નહિ પરંતુ તેની પોતાની કુંવરી હતી ! જે યુવા અવસ્થાએ પહોંચી ગઈ હતી અને તેને પુરુષનો પોશાક પહેરવાનો શોખ લાગ્યો હતો. તેના હાથનો અંગૂઠો પાક્યો હતો અને તેની તેને અસહ્ય પીડા થતી હતી. માતૃહૃદય કોને કહેવાય ! પોતાની કુંવરીને અંગૂઠો પોતાના મોમાં રાખી તે ઉપર જીભ ફેરવતાં ફેરવતાં મા દીકરી નિંદ્રાધીન થઈ ગયાં હતા ! આ દ્રશ્ય જોતાં રાજાના ગુસ્સાનો પાર રહ્યો નહિ. ક્રોધ અને ગુસ્સો આસમાને ચઢી ગયો. પોતાની કેડે લટકતી તલવાર કાઢી જેવો તે રાણી અને સાથે સૂતેલી દીકરી ઉપર ઘા કરવા જાય છે ત્યાં તેની નજર શયન ગૃહના પેલા સવા લાખમાં ખરીદેલ અને લખાયેલ શ્લોકના લખાણ ઉપર પડતા વિમાસણ થતાં વિચારમાં પડી ગયો અને ત્યાંથી પાછો

ફરી ગયો. અને પોતાના અન્ય આરામગૃહમાં જઈ પોઢી ગયો અને સવારે રાજમહેલમાં પધાર્યો. સમાચાર મળતાં રાણી અને કુંવરી પણ મળવા આવ્યાં. કુંવરીનું હેત પિતાશ્રી ઉપર એટલું ઉભરાઈ ગયું કે જોરથી ભેટી પડી અને તેમ કરતા પોતાના અંગુઠાના દરદનું પરિણામ રહ્યું નહીં. અને ચીસ પાડી ઉઠી ! રાજાની નજર તેના અંગુઠા ઉપર પડતાં તે ચમકી ગયો ! અને અર્ધરાત્રિએ દીઠેલ દ્રશ્યનો સાચો ખ્યાલ આવી ગયો. સવા લાખમાં ખરીદેલ શ્લોકનું સાચું મૂલ્યાંકન તેના હૃદયમાં થયું અને તેનાજ રચયિતાને રાજ્યમાં બોલાવી તેઓને પુરસ્કાર અને ઈનામોથી નવાજ્યા.

ભગવાનશ્રી સ્વામિનારાયણ કચ્છ દેશના તેરા ગામે સુથાર ભક્ત માધવજીભાઈને ત્યાં બિરાજમાન હતા. તે સમયે શ્રીજીએ સર્વે સંતોને એવી આજ્ઞા કરેલ કે અગાઉથી મહારાજની આજ્ઞા મેળવ્યા સિવાય તેઓશ્રીને કોઈએ મળવા જવું નહિ - મળવું નહિ. પણ કોઈ વખત પ્રેમના અતિરેકમાં જેમ બધું વિસરાઈ જાય છે તેમ સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી અને સ.ગુ. નાના સુખાનંદ સ્વામી ઓચિંતાજ શ્રીજી મહારાજ પાસે પહોંચી ગયા અને દંડવત પ્રણામ કરવા લાગ્યા. શ્રીજી મહારાજ તેમને જોતાં જ કોધની લાગણી સાથે તે સંતો પ્રત્યે બોલ્યા : કેમ સંતો કોની આજ્ઞાથી પધાર્યા ? વિચારમાં પડી ગયેલા સંતો પ્રશ્નનો ઉતર આપી શક્યા નહિ અને ડઘાઈ ગયા. સૂનમૂન ત્યાંજ બેસી ગયા. તે સમયે મહારાજ પાસે ડુંગરજી પાર્ષદ ત્યાંજ ઊભા હતા. તેમને આજ્ઞા કરી : ડુંગરજી, આ સંતોના માથાં કાપી નાખ. કારણ કે શ્રીજી મહારાજને



તો માત્ર ભક્તની પરીક્ષા જ કરવી હતી. (આવી ઘણી લીલાઓ મહારાજ પરીક્ષા લેવા કરતા) ડુંગરજી પાર્ષદને વગર વિચારે ગમે તે કાર્ય ગમે તે પરિસ્થિતિમાં કરવું નહિ તે યાદ કરી મહારાજની આજ્ઞાનો અમલ કરવાને વિલંબ કરવા લાગ્યા. એટલે મહારાજને પણ સંતો માટે પોતે કરેલી આજ્ઞાનો અણસાર આવતાં જ પાર્ષદ ડુંગરજીને ઘાંટો પાડ્યો. સાંભળતાં ડુંગરજી ત્યાં આવી પહોંચ્યા અને બોલ્યા મહારાજ ! મહારાજ ! ત્યારે મહારાજ કહે : 'ભાઈ, શું કર્યું ? ત્યારે બોલ્યા : 'મહારાજ આપની આજ્ઞાના અમલ અંગે વિચાર કરતો હતો અને આપનો અવાજ સાંભળી અહીં આવ્યો. મહારાજે પાર્ષદ ડુંગરજીને તે સંતોને યોગ્ય માનસહિત લઈ આવવું કહ્યું. સૌ ત્યાં એક બીજાને ભેટ્યા, સૌ રાજી થયા અને ચોતરફ આનંદ છવાયો. જોયોને "THINK" નો વિચાર અને વર્તોનો પ્રભાવ.

શાસ્ત્રોમાં આવા અનેક પ્રસંગો નોંધાયેલ છે. આવો જ એક પ્રસંગ જોઈએ.

ગૌતમઋષિનાં પત્ની સતિ અહલ્યાનું દૃષ્ટાંત તો ઘણુંજ પ્રચલિત છે. અહલ્યામાંથી શલ્યા અને રામ ચરણરજના પ્રતાપે શલ્યા અહલ્યામાંથી થવાની વાત સૌ કોઈને વિદિત છે. તેઓશ્રીના જીવનનો અને ઉપરોક્ત પ્રસંગને અનુસંગિત પ્રસંગ છે.ગૌતમ ઋષિએ પોતાના પુત્ર ચિરકારીને આજ્ઞા કરી : 'દીકરા, આ અહલ્યાને મારી નાખ. કારણ કે તે હવે વધુ જીવવાને લાયક નથી.'

એક તરફ 'પિતાશ્રીની આજ્ઞા' અને બીજી તરફ 'માતાનો વધ' - બને વિરોધાભાષી કર્તવ્યોના અમલ અંગે ચિરકારી દ્વિધામાં પડ્યો અને શું કરવું અને શું ન કરવું તે અંગેના વિચારમાં પડ્યો. સમય એ વિચારના અમલનું ઔષધ છે. ચિરકારીને પિતાશ્રીની આજ્ઞાના અમલમાં અને વિચાર કરવાના સમયમાં ગૌત્તમ ઋષિને પોતાની આજ્ઞામાં પુનઃ વિચારણા કરવા જેવું લાગ્યું અને પુત્રને બૂમ પાડી પૂછ્યું : 'પુત્ર, શું કર્યું ?' પિતાશ્રી આપની આજ્ઞાના અમલ અંગે વિચાર કરું છું. અને ઋષિએ પુત્રને કહ્યું : 'પુત્ર, તારા વિચારવાની વાતે તને બંને પાપ - પિતાની આજ્ઞાની અવજ્ઞા - અને માતૃ હૃદયમાંથી ઉગારી લીધો. અને ઋષિએ સતિ અહલ્યાને શલ્યા થવાનો શ્રાપ આપ્યો તે પછીની વાત તો ઉપર જણાવ્યું તે ઘણી પ્રચલિત છે.

ચેત ચેત નર ! ચેત

– વિનોદ એસ. ચૌધરી (નડિયાદ-ખેડા)

વ્હાલા ભક્તો, મોક્ષને માર્ગે ન ચાલે તે મૂર્ખ. લાખ જન્મે પણ ત્રણ દેહથી જુદા થઈ માયા મુકશું ત્યારે સુખીયા થવાશે. માયા મૂકવાનો ઉપાય ઋષભદેવ ભગવાને ભાગવતમાં પોતાના પુત્રને કહ્યો છે, હે દીકરાઓ ! સાંભળો. સ્ત્રીને પુરૂષ અને પુરૂષને સ્ત્રી, આમ પરસ્પર એકબીજાને વિષયભોગની હૃદયમાં ગાંઠ પડી ગઈ છે. અને લોભ, માન, સ્વાદ, મોહ વગેરેની ગાંઠોને કારણે ઘર, ખેતર,દીકરા, સગા-સંબંધી, દ્રવ્ય, ગાડી બંગલાને વિષે અહંમમત્વરૂપી અજ્ઞાન જામી ગયું છે. એ જ મોહ છે. પણ મનુષ્ય દેહ કાંઇ મોહમાં ફસાઈ ભોગ ભોગવી પુરૂ કરવા માટે નથી. ભગવાન મેળવવા માટે જ છે. કેમ જે વિષયભોગ તો ભુંડણા, કૂતરા, ગધેડા, ઊંટીયા બધાને છે. માટે હે પુત્રો ! દિવ્ય તપ કરો. જેણે કરીને અંતઃકરણ શુધ્ધ થાય, ને અંતઃકરણ શુધ્ધ થાય પછી જેનો પાર નહીં એવું જે બ્રહ્મસુખ તે પમાય છે. એમ ઋષભદેવ ભગવાને કહ્યું છે. અને મહારાજે તો કહેવામાં કાંઇ બાકી જ રાખ્યું નથી. માટે હવે તો

"અર્થમ્ સાધવામિ વા દેહં પાતયામિ"

એમ કરી લેવું છે.

આ તેમનો ઉપદેશ સાંભળી તેમના ૧૦૦ પુત્રોમાંથી ૮૧ પુત્રો સંસારનો ત્યાગ કરી સિધ્ધ થયાં. નવ યોગેશ્વર થયા. દશ રાજયમાં રહ્યા હતા. તે પણ રાજ-પાટનો ત્યાગ કરી અંતે વનમાં ચાલ્યા ગયા. ત્યાગ વિના પ્રભુ પ્રાપ્તિ ન થાય. સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહેતા, "અંતરમાં અભાવ વિના ટેક રહે નહીં."

અણભેટે રે અભાવ છે, ભેટે
ભોગવશે ભોગજી,
ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના,
કરૂ ઉપાય હવે એહનો, ડોળી દેશ -
વિદેશજી :
કોઇ રે ઉગારે મુને કાળથી, સોંપુ
તેને આ શીશજી.

આમ દઢાવ હોય ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંપૂર્ણ હોય તે પ્રભુ મળે. ધર્મે કરીને સત્સંગમાં રહેવાય. મહિમાએ સહિત જ્ઞાન હોય તો કૃતાર્થપણું મનાય. આત્માએ કરીને એમ જાણે કે દેહથી નોખો હું આત્મા છું. આત્માને કાંઇ જોતું નથી. હું તો આત્મસુખે સુખીયો છું. અને વૈરાગ્યે કરીને પ્રકૃતિ પુરુષ પર્યંત યત્કિંચિત માયિક પદાર્થ માત્ર તે સર્વે ખોટું થઇ જાય. ને ભક્તિ તે શું ? જે પ્રગટભગવાન ને પ્રગટ સંતોને વિશે ઘણો સ્નેહ.

જીવ કોઇ વાતે ધરાણો નહીં ને કથા-વાર્તામાં ધરાઇ રહ્યો ? કેટલાક નૈમિષારણ્યમાં બેઠા છે. ને કેટલાક બદ્રિકાશ્રમમાં બેઠા છે. જેમ રાંપમાં ઘો આડી આવે છે તેમ જીવમાં વિષય આડા આવે છે. ધ્રુ પાંખડી ધ્રુ સામી જાય ને માછલું જળ વિના રહે નહીં- તેમ નક્કી કરવું જે, "હવે તો પ્રભુ ભજવા છે, ભજવા છે ને ભજવા જ છે. મારવાડના ઐલ પુરુરવા રાજાને વૈરાગ્ય ઉપજ્યો, ત્યારે સ્ત્રી એવુ નામ પણ લેતો નહીં. તડકામાં પણ કોઇ લીંબડી કહે તો તેના છાંયા હેઠે ન જાય. ગમે તેવી તરસ લાગી હોય પણ વીરડી કહે તો તેનું પાણી ન પીએ. રોટલી કહે તો ખાય નહીં. ને બાજરીનો રોટલો કહે તો ખાય નહી. એવો અભાવ થાય ત્યારે ભગવાન ભજાય. આ તો જીવને બેય કરવું, તે વાત કેમ બને ? તેના સાળાને સોળ સ્ત્રી અને બનેવી ને બે સ્ત્રી હતી. સાળાને વૈરાગ્ય ઉપજ્યો તે કહે, "હું દરરોજ એક સ્ત્રીનો ત્યાગ કરીને સત્તરમે દિવસે ચાલ્યો જઇશ." તેની

ખબર તેની બેનને પહોંચ્યા ત્યારે તેની બેન તેના ધણીને નવરાવતી હતી. ને આંસુ તેના ધણીના વાંસા ઉપર પડ્યા. ત્યારે કહે, "કેમ રૂવે છે ?" તો કહે જે, "મારો ભાઈ સોળ સ્ત્રીનો ત્યાગ કરીને સત્તરમે દિવસે વનમાં ચાલ્યો જશે એવા ખબર આવ્યા છે. ત્યારે કહે જે, "ગાંડી થામાં, એમ ન તજાય." ત્યારે સ્ત્રી કહે, "એમ જ તજાય." તમે તજી તો જુઓ. ત્યારે તેનો ધણી કહે, "આ તજ્યું, લે હાલ." એમ કહી ભીંને પોતીએ ચાલી નિકળ્યો. તે પાછો આવ્યો જ નહીં. એના ખબર સાળાને મળ્યા. એટલે તે પણ સોળ દિવસ પુરા થયા પહેલાં ચાલી નીકળ્યો. એમ પ્રભુ ભજવાનો દૃઢ સંકલ્પ કરીએ તો પ્રભુ ભજાય. નહીંતર એમને એમ જીંદગી એળે જાય. સંતોનો પોકાર છે.

કાળ આવે છે કારમો, ચેત ચેત નર ચેત.

સગર રાજાના સાંઠ હજાર પુત્રોનો ઉધ્ધાર કરવા એના વંશનાં ભગીરથ તપ કરવા ગયા. પછી ગંગાજીએ પ્રગટ થઈ કહ્યું, "હું તો આવું પણ મારામાં જે હોય તે આવીને પાપ મૂકી જાય પછી મારા પાપ કોણ ધોવે ?" પછી કહ્યું કે, "ભગવાનને અખંડ ધારીને રહ્યાં એવા સંતના ચરણના તમને સ્પર્શ થશેકે તરત જ તમારા પાપ નાશ થઈ જશે." આમ ગંગાદિક તીર્થોમાં પાપ ધોવાની શક્તિ છે. પણ પાપ નાશ કરવાની નહીં. જ્યારે સાચા સંતનો સ્પર્શ થતાં અનંત જન્મના પાપ બળીને ભસ્મ થઈ જાય છે. તેથી ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, ચાર ધામ ને સાત પુરી તે સાચા સંત મળે તો પુરી , નહિ તો અધુરી. સંતો તારા પાપ નાશ કરશે એવા પ્રભુના વચન સાંભળી ગંગાજી પધાર્યા. તેને શિવજીએ જટામાં ઝીલ્યા. પણ ગંગાજીને ગર્વ આવ્યો જે શિવજીને પાતાળમાં ધકેલી દઉં.તેથી શિવજીએ જટામાંથી નીકળવા ન દીધા. પછી ભગીરથે તપ કરી શિવજીને રાજી કર્યા. એટલે ગંગાજી નીકળ્યા. તે ભગીરથ ઘોડા ઉપર આગળ ને પાછળ ગંગાજી ચાલ્યાં આવતાં. રસ્તામાં જહાનું ઋષિ બેઠાં હતાં. તેમને ભગીરથ કહે, કોરે ખસો, નહી તો ગંગાજી તાણી જશે. જહાનું ઋષિ કહે, "ક્યાં છે ગંગાજી ?" તો કહે, "વાંસે ચાલ્યા આવે છે." ગંગાજી આવ્યા એટલે ઋષિ આચમન કરી ગયા. પછી ભગીરથે પ્રાર્થના કરી ઋષિને રાજી કર્યા. ત્યારે ગંગાજીને જાંઘમાંથી કાઢ્યા. એટલે જાહન્વીગંગા કહેવાય છે. પછી જ્યાં સગર રાજાના સાંઠ હજાર પુત્રો કપીલમુનિના શ્રાપથી બળીને ભસ્મ થઈ ગયા હતા ત્યાં ગંગાજી આવ્યા ને ઉધ્ધાર કર્યો. એમાં કહેવાનું એ છે જે, સાત પેઢી સુધી વાત મેલી નહીં, તો એ વાત સિધ્ધ થઈ. તેમ જે એક જ લક્ષ્ય રાખી મંડી પડે તો મોક્ષ થાય અને મહારાજના દર્શન પણ થાય.

જુઓ આ સગર રાજાને પાંચ પેઢી સુધીના પુત્રોને રાજ્યની વંશ રાખ્યાની અને પિતૃઓના ઉધ્ધારની આમ, ત્રણ ઈચ્છાઓ હતી તો ગંગાજી ન પધાર્યા. જ્યારે ભગીરથે વંશ અને રાજ્યની વાસના મૂકી એક જ લક્ષ્ય નક્કી કર્યું કે, કાં ગંગાજી લાવું ને કાં દેહ પાડી દઉં. આમ, ઠરાવ કરી મંડી પડયો તો ગંગાજી પૃથ્વી ઉપર પધાર્યા. અને તેના પિતૃઓનો તો ઉધ્ધાર થયો. પણ આજ દિવસ સુધી તે કરોડો ને પાવન કરે છે. તેમ જે એક લક્ષ્ય રાખી પ્રભુ પામવા મંડી પડે તો તેનું તો કલ્યાણ થાય. પણ તેની સાથે જોડાયેલા અનેકનો ઉધ્ધાર થાય. માટે આ જન્મે તો પ્રભુને પામવું છે ! પામવું છે ! ને પામવુ જ છે ! મારો જન્મ પ્રભુને પામવા માટે જ છે. એમ મનથી નક્કી કરવું પણ ઈતરડીની પેઠે વ્યવહારમાં બહુ વળગી ન રહેવું. કેમ જે વહેવાર વધારવામાં દુઃખ છે.

એક ઊંટીયાએ તપ કરીને ચારસો ગાઉ લાંબી ડોક માંગી. તે ચારસો ગાઉમાં જ્યાં ચરવું હોય ત્યાં ચરે, પણ રાત્રે વનમાં સૂતો ત્યાં વાઘ નારડાં ને શિયાળીયા મળ્યાં તે વચમાંથી ડોક ખાઈ ગયાં. પછી હેરાન થઈને મૂવો. તેમ લાંબા વહેવારમાં દુઃખ છે.

આપણે જગતમાં ડાહ્યા થઈને બેઠા છીએ, પણ મોક્ષ બગાડ્યો તો ડાહપણ શું કામનું ? માટે ડહાપણ મૂકી મોક્ષ સુધારવા બનો આજ થી જ પ્રભુમાં મસ્તાન.

સ્વભાવ અને જીવન

- પાટડીયા ઘનશ્યામ પી. (સુરેન્દ્રનગર)

દરેક માનવીને પોતાના સ્વભાવ ઉપર જીવન જીવવાનો આધાર છે. સ્વભાવ જીવનમાં મહત્વનું કામ કરે છે. સ્વભાવને અનુરૂપ વાણી નીકળે છે. સ્વભાવ અને વાણી સિક્કાની બે બાજુ છે. જેમ કે પ્રેમાળ સ્વભાવ હોયતે મીઠી વાણી નીકળે છે. ક્રોધાયમાન સ્વભાવ હોય તો કર્કશ વાણી નીકળેછે. આવી રીતે માનવીના ઘણા પ્રકારનો સ્વભાવ જોવા મળે છે. જેમ કે અહંકારી સ્વભાવ, ઈર્ષ્યાળુ સ્વભાવ, માની સ્વભાવ, અવગુણ લેવાનો સ્વભાવ, ક્રોધ કરવાનો સ્વભાવ, મોહ પામવાનો સ્વભાવ, પરોપકારી સ્વભાવ. આ બધા સ્વભાવના પ્રકારો છે. જેથી જીવનમાં સુખ-દુઃખ આવ્યા કરે છે. સ્વભાવ અયોગ્ય હોવાથી માનવી જીવનમાં ઘણો દુઃખી થાય છે. ગમે તેટલો પવિત્ર-ધર્મવાળો હોય તો પણ ખરાબ સ્વભાવને કારણે ખૂબ દુઃખી થાય છે. તેના કારણે માનવી જીવન આપઘાત-આત્મહત્યા કરે છે. જીવનનો અંત લાવે છે. આપણે દરરોજ વર્તમાનપત્રમાં કેટલાય આપઘાતના કિસ્સાઓ વાંચીએ છીએ. મોટાભાગના આપઘાત- પોતાના સ્વભાવને કારણે જ થાય છે. અયોગ્ય સ્વભાવ જીવને નડે છે. અને અધોગતિને પામે છે.

હાથીયો પટકર હતો. તેનો સ્વભાવ ઘણો ક્રોધિત હતો. રાત્રે લઘુ કરવા ઘરમાંથી બહાર ગયો તો રસ્તામાં ગાડું પડેલું. અંધારામાં તેને દેખાયું નહિ. ગાડા સાથે ભટકાયો. ઢીંચણે જોરદાર વાગ્યું. તો તેને ક્રોધ ચડ્યો અને ગાડાના પૈડાને બટકું ભર્યું. - બટકું એવું જોરદાર ભર્યું કે તેના આગળના બે દાંત પડી ગયા. લોહીલુહાણ થયો. આવા ક્રોધીત સ્વભાવે કેટલું દુઃખ થયું. આવા અનેક સ્વભાવ ને કારણે માણસ સંસારમાં દુઃખી થાય છે. સારો સ્વભાવ રાખે તો જરૂર સુખી થાય છે.

શ્રીજી મહારાજ ના સમયમાં પૂર્ણાનંદસ્વામી હતા. તેમનો માની સ્વભાવ હતો. એકવાર મહારાજ સભામાં બિરાજમાન હતાં.(મહારાજ વખતે નિયમ હતો કે સભા શરૂ થયા બાદ આવે તેને પાછળ બેસવું). છેલ્લે પૂર્ણાનંદસ્વામી સભામાં આવ્યા. પાછળ ઉભા રહ્યા. તેમને કોઈએ માન આપ્યુ નહિ. આવો કોઈએ કહ્યું નહિ. ઉભા રહ્યા. તો મહારાજે સભામાં કહ્યું કે માનની મૂર્તિ જોવી છે. તો આ પૂર્ણાનંદ સ્વામી ઉભા છે. તે છે. આથી પૂર્ણાનંદ સ્વામી જતા રહ્યા. માનના કારણે મહારાજને મૂકી દઈ ઘરે જતાં રહ્યા. માની સ્વભાવ કેટલો નડ્યો ? સંતો હરિભક્તોને સ્વભાવ માટે ઘણો ઠપકો આપે છે. ઘણાંને ગમતો નથી. અને સત્સંગ મુકી જતાં રહે છે. મંદિર જવાનું બંધ કરી દે છે. સ્વભાવ નડે છે. સંતો હરિભક્તોના સારા માટે જ કહેતા હોય છે. તેમને કોઈ સ્વાર્થ હોતો નથી. સ્વભાવ સુધરી જાય તો જીવનું કલ્યાણ થઈ જાય. સ્વભાવ સુધારવા મોટા પુરુષની સેવા અખંડ કરવી. તો સ્વભાવ જલ્દી સુધરી જશે. સેવાનું અંગ રાખવું- મંદિરમાં સેવા ખૂબ કરવી. પોતાના અવગુણ નિરંતર જોવા. પારકાના અવગુણ જોવા નહીં.

અવગુણ લેવાથી પાપમાં પડાય છે. જીવનો સ્વભાવ અવગુણ લેવાનો છે. આપણે અવગુણ આવે તેવું લાગે તો ત્યાંથી નીકળી જવું. પણ અવગુણ લેવો નહિ. કેવળ સ્વામિનારાયણ મંત્રની માળા જપવી. સંસારમાં દરેક સંપૂર્ણ છે નહિ. દરેક દરદીઓ છે. દર્દીઓ હોસ્પિટલમાં સારવાર લેવા માટે આવે છે. તેમ દરેક માનવી જીવના કલ્યાણ માટે પ્રયત્ન કરી રહ્યા છે. શ્રીજી મહારાજ અને તેમના સ્થાને વિરાજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી સર્જન ડૉકટર છે. તે આપણા જીવનું ઓપરેશન કરશે. અને જન્મ-મરણનો રોગ ટાળી નાંખશે. તેમાં શ્રધ્ધા-વિશ્વાસ-નિષ્ઠા રાખવી. તો જલ્દી મોક્ષ થશે. જન્મ-મરણના ફેરા ટળી જશે.

સત્સંગ સુરભિ : અંતરને ઓળખે એ અંતર્યામી

– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા

(૧) એક વખત મહારાજે ગઢપુરમાં વસંતપંચમીનો સમૈયો કર્યો હતો. દેશદેશાંતરથી હરિભક્તો મહારાજના દર્શને આવ્યા હતા.

ગામ સારંગપુરના વાઘોખાચર તથા અમરોખાચર બંને ભાઈઓ શ્રીજી મહારાજમાં અતિશે હેતવાળા હતા. ગઢપુર જઈને મહારાજનાં દર્શન કરવાનો નિર્ધાર તો કર્યો પરંતુ પોતાને વ્યવહારે સ્થિતિ બહુ દુર્બળ, તેથી બંન્ને જણે વિચાર કર્યો જે આપણે મહારાજને શું ભેટ લઈ જઈશું ? પછી વાઘો ખાચર બોલ્યા : 'જે આપણે ગરીબ છીએ તે ફૂલ નહીં તો ફુલની પાંખડી પણ મહારાજને ભેટ આપવી.

પછી બંને ભાઈઓએ બે જગન્નાથીના તાકા લીધા અને મહારાજને પહેરવાના બધાં વસ્ત્ર કરાવ્યા. અને એક તાકો મહારાજને માથે પાઘડી બંધાવવા લીધો.

બંને ભાઈઓ બધા વસ્ત્રો લઈને ગઢપુર આવ્યા. દરબારમાં મહારાજ સભા કરીને વિરાજમાન હતા. પછી મહારાજે આજ્ઞા કરી જે જેને પૂજા કરવી હોય તે કરો. દેશદેશાંતરના હરિભક્તો એક પછી એક આવતા જાય અને ભારે ભારે પોષકા તથા દાગીના પહેરાવીને મહારાજની પૂજા કરતા જાય. બંને ભાઈઓ વિચાર કરે છે. આ બધાં આગળ આપણી ભેટનો શું હિસાબ ? માટે ચાલો કંઈ પૂજા કરવા ઊભા રહેવું નથી.' દૂર ઉભા રહી બંને ભાઈઓ આમ વિચાર કરે છે ત્યાંજ મહારાજ બોલ્યા : વાઘા ખાચર, અમરા ખાચર આમ અમારી સન્મુખ આવો અને લાવો તમારો પોશાક જોઈએ તો ખરાં કે કેવીક ભેટ લાવ્યા છો ?"

બંને ભાઈઓએ મહારાજને દંડવત્ કરી એમની પાસે જઈ વસ્ત્રની પોટલી છોડી. શ્વેત વસ્ત્રો જોઈ મહારાજ અતિ પ્રસન્ન થયા. બોલ્યા : વાઘા ખાચર અમરા ખાચર તમે શું જાણ્યું જે અત્યારે અમારે રંગ ઉડાડવો છે તે શ્વેત વસ્ત્ર જ જોઈએ. પછી બીજો પોશાક પહેરીને રંગે રમાય નહીં. પછી મહારાજે તેમનો પોશાક પહેર્યો અને રંગે રમ્યા. સંતો અને હરિભક્તોએ પણ અરસપરસ, ખૂબ રંગ ઉડાડ્યો. મહારાજે સૌ ઉપર હેતનાં ગુલાલ ઉડાડ્યા.

રંગોત્સવ પૂરો થયો એટલે મહારાજ સહિત સૌ હરિભક્તો ઘેલે નહાવા પધાર્યા. મહારાજે વસ્ત્ર સહિત સ્નાન કર્યું ને પહેરેલાં વસ્ત્ર પાછાં વાઘા ખાચર તથા અમરાખાચરને પાછા આપ્યા. ભારે ભારે વસ્ત્રોને બાજુએ મૂકીને જગન્નાથી તાકામાંથી હેતના ટેભે સીવેલા વસ્ત્રો સ્વયં મહારાજે માંગીને પહેર્યા અને પાછા પણ આપ્યાં. આવી અનુપમ પ્રસાદી પામીને બંને ભાઈઓના આનંદનો પાર ન રહ્યો.

રાત્રે બંને ભાઈ સૂતા હતા ત્યાં કપાસની વરખડીઓના જીવ આવી બોલવા માંડ્યા : "ધન્ય છે વાઘા ખાચર, ધન્ય છે ! અમરા ખાચર - તમે અમારા જીવનો મોક્ષ કર્યો." વાઘા ખાચર કહે : 'તમે કોણ છો ?' તે બોલ્યા જે તે અમે તમોએ મહારાજને વસ્ત્ર પહેરાવ્યાં તે કપાસની વરખડીયુંના જીવ છીએ ને અમે હવે મહારાજના ધામમાં જઈએ છીએ."

(૨) ગામ સુંદરીયાણાની સીમમાં મુળા પટેલનું ખેતર હતું. તેણે ત્રીસ દાડિયા કપાસ વીણવાને માટે મજુરીએ રાખેલા. શ્રીજી મહારાજ સંતો સહિત વડતાલ પધારતા હતા. ત્યાં રસ્તે મહારાજને ભાળી દાડિયા સૌ મુલા પટેલને કહે : 'ભાભા, અમને સ્વામિનારાયણના દર્શન કરવા સારું જાવ દ્યો ને ?' પટેલ કહે : "કાલા વીણવા આવ્યા છો કે ખોટી થવા આવ્યા છો ? જો તમારી દર્શન કરવાની એટલી જ તાણ હશે તો મહારાજ એમની મેળે અહીં આવશે.'

આ બાજુ અચાનક મહારાજે વાગડને રસ્તે સવારને ઉભા રાખીને માણકીને એકદમ વેલી મૂકી અને મુળા પટેલની પાસે આવીને કહ્યું. "મુળા પટેલ એ મુળા પટેલ ! વાગડનો માર્ગ ક્યો ?" મુળા પટેલ કહે : "મહારાજ !

વાગડનો માર્ગ તો આ ઘોડા ઊભા છે તે જ છે. પણ આ દાડિયા ને મેં ખાળીને રાખ્યા હતા જે ભગવાન હોય તો તમારી ઈચ્છા નહીં જાણે ? અને એટલે જ તમે પાધરા અહીં દોડી આવ્યાં અને મુજ અભાગિયાને દર્શન દીધા !" મુળા પટેલ ગળગળા થઈ ગયાં અને માફી માંગીને મહારાજને પગે લાગ્યા. પેલા દાડિયા પણ દોડી આવ્યા અને દાતરડા બાજુએ મુકી સૌ ભૂમિ ઉપર લાકડી પડે તેમ મહારાજને દંડવત્ કરવા લાગ્યા. બધા બોલ્યા : "મહારાજ અમને વર્તમાન ધરાવો."

અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિએ ખેતરમાં ઊભા રહી મૂળા પટેલ અને પેલાં ત્રીસ દાડિયા એમ એકત્રીશ જણને વર્તમાન ધરાવ્યાં !

ગરીબ એવા અમરો ખાચર અને વાઘા ખાચરના અંતરને ઓળખી મહારાજ એમના જ વસ્ત્રો ને પસંદ કર્યા. તો રોજનું રળીને ખાનારાં ખેત મજુર એવાં દાડિયાઓનાં દિલમાં ભગવાનને મળવાની અને દર્શન કરવાની ઈચ્છા હતી તે જાતે સામે આવીને પૂર્ણ કરી. અંતરમાં સંકલ્પ કર્યો અને દર્શનની ઈચ્છા કરી કે મહારાજ સામે ચાલીને આવ્યા. અનંત બ્રહ્માંડોનો નિયામક આટલો સોંઘો બીજાને આ અવનિ ઉપર આજે આવ્યો હતો !

દાન-સેવા અર્થે હાર્દિક નિવેદન

શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રનું અંગ્રેજી અનુવાદ સાથે પ્રકાશન

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી આપણા અમદાવાદ મંદિર તરફથી સંપ્રદાયના મૂળ ગ્રંથોને અંગ્રેજી ભાષામાં અનુવાદ કરી ઘણું સાહિત્ય પ્રકાશિત થયું છે.

સ.ગુ. શતાનંદમુનિ કૃત શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના મૂળ સંસ્કૃત પાઠ અને અંગ્રેજી ભાષા ટીકા સાથે ૧ થી ૫ પ્રકરણનો સંપૂર્ણ ગ્રંથ વૈશાખ સુદ-૩ અક્ષયતૃતીયા - પ.પૂ. બાળ સ્વરૂપ લાલજી મહારાજશ્રીના યજ્ઞોપવિત પ્રસંગે પ્રકાશીત કરવાનો સંકલ્પ છે. આવા વિશાળ ગ્રંથોનું પ્રકાશન અતિ કઠિન અને મુશ્કેલ હોય છે. તે છતા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી બૃહદ્ આકાર, ઉચ્ચ ગુણવત્તાના ટકાઉ કાગળ, આકર્ષક અને મજબૂત બાંધણી અને શ્રેષ્ઠ મુદ્રણ સહ કુલ ૭૫૦ પાનાના આ દળદાર-અલભ્ય ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે. ગ્રંથની પડતર કિંમત ૭૦૦ રૂપિયા જેટલી થાય છે, પરંતુ સત્સંગના સાહિત્ય પ્રેમી હરિભક્તોને આપણે રાહત દરથી આ ગ્રંથ આપી શકીએ તે માટે સંપ્રદાયના આવા મહાન ગ્રંથ માટે આર્થિક સહયોગ આપીને પ્રકાશન કાર્યમાં આપ આપના વડીલોની સ્મૃતિ અર્થે શ્રીહરિના રાજીપા અને પ્રસન્નતા અર્થે ઉદાર હાથે સહયોગ આપશો. એવી અપેક્ષા સાથે.

મહંત સ્વામીના
શ્રીહરિ સ્મૃતિ સહિત
જયશ્રી સ્વામિનારાયણ

કપટીએ કપટ કર્યું

– અમૃત ક. મોદી (સોજા)

સંવત ૧૮૮૬માં શ્રીજી મહારાજના અક્ષરવાસ સમયે શ્રીજી મહારાજે જાણેલું કે જો બ્રહ્માનંદ સ્વામી અહીં ગઢડામાં રહેશે તો મને ધામમાં જવા નહીં દે એન કેન પ્રકારે રાખવા પ્રયત્ન કરશે. એટલે શ્રીજી મહારાજની પ્રેરણાથી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો પત્ર આવ્યો કે, સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીને અહીં જુનાગઢ તરત જ મોકલો, તેમના સિવાય મંદિરનું કામ આગળ નહીં વધે, આ પત્ર વાંચીને તુરત જ શ્રીજી મહારાજે સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીને જુનાગઢ જવાની આજ્ઞા કરી. શ્રીજી મહારાજને શરીરે મંદવાડ તો હતો પરંતુ મહારાજની આજ્ઞાનો લોપ કેમ કરાય?

હૈડાનો હાર હરિ રે, મારે રંગભીનો
હૈડાનો હાર હરિ
મંદિરમાં પધરાવી મોહનને ભેટું હું
અંક ભરી રે,
જગના જીવનને હું નહીં જાવા દઉં,
રાખીશ જતન કરી રે.

એમ વિચાર કરતાં તેમને એક દવા યાદ આવી અને તરત જ એ દવા ગોતવા દામોદર કુંડની પાસે આવેલા ગીરનાર પર્વતની ઊંડી ખીણમાં સ્વામી ગયા, ત્યાંથી સંજીવની વનસ્પતિ લાવી, પાણીથી ધોઈ સ્વચ્છ કરી દૂધની કાંજી બનાવી કટોરામાં ભરીને મુક્તાનંદ સ્વામીને આપીને કહ્યું કે ગમે તેવી બીમારી હોય તો પણ આ કાંજી પીવાથી મટી જાય. માટે આ કાંજી મહારાજને પીવડાવીએ તો જલદી સાજા થઈ જાય. ત્રણે સંતોએ સાથે મળી શ્રીજી મહારાજને પ્રાર્થના કરી કે આ કાંજી પી જાઓ. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી સંજીવની ઔષધી ઓળખીને આ કાંજી બનાવી લાવ્યા છે. પછી મહારાજે કાંજીનો કટોરો હોઠે અડાડી, ઢોંલણી નીચે પોતાના હાથે મૂકી દીધો. પછી હાથ ધોઈ, હાથ અને હોઠ રૂમાલથી સાફ કરી દીધા. પરંતુ બ્રહ્મમુનિને ખ્યાલ આવી ગયો કે મહારાજ આ અવનિ પર ઝાઝો સમય નહીં રહી શકે? એટલે તે ગળગળા થઈ ગયા. પણ શ્રીજી મહારાજની આજ્ઞા જુનાગઢ જવાની કેમ લોપાય? આજ્ઞા એટલે આજ્ઞા. ત્યારબાદ સ્વામી શ્રીજી મહારાજને દંડવત પ્રણામ કરી, મળીને ગઢડાને સીમાડે ગયા ત્યાં હરણ આડાં ઉતર્યા. સ્વામીએ વિચાર્યું શુકન બરાબર થતા નથી. એમ કહી દોહરો બોલ્યા કે,

"હરણ એજ સુખના હરણ, હરણ
બુદ્ધિ બળ હરણ,
હરણ તેજ હિંમત હરણ, હરણ પ્રાણ
તન હરણ."

આ દોહરો બોલી પાછા વળી શ્રીજી મહારાજને અક્ષર ઓરડીમાં જઈ દંડવત કરવા લાગ્યા. શ્રીજી મહારાજને શરીરે કસર વર્તાતી હતી. છતાં બ્રહ્મ મુનિને બાથમાં લઈ, હૃદય સાથે ચાંપી, ધીરજ આપી શંકાનું નિવારણ કરી અને છાતીમાં પોતાનાં ચરણારવિંદ આપ્યા. ગુલાબનો હાર પણ પોતાની ડોકમાંથી કાઢી સ્વામીને પહેરાવ્યો અને આશ્વાસન આપી કહ્યું કે સ્વામી જરા પણ દિલગીર થાઓ માં! હું સદાય તમારી ભેળો છું અને રહીશ. તમે જલ્દી જુનાગઢ જાઓ, અને મંદિરનું કામ ચાલુ કરો. કેટલાક દ્વેષી અને વિઘ્ન સંતોષી માણસોએ મંદિરની ઉત્તરાદિ દિવાલનું કામ ખલેલ પાડ્યું હતું. પરંતુ સ્વામીના ગયા બાદ રાતો રાત એ દિવાલ ચણી નંખાવી. દ્વેષી લોકોએ આ વાત જાણી, અને બ્રહ્માનંદ સ્વામીને આવેલા જાણી વિચાર કર્યો કે આપણે આનો વિરોધ કરીશું તો સ્વામી નવાબ સાહેબ પાસે જઈને વાત કરશે તો આપણને હદ બહાર તગેડી મુકશે. એમ વિચારી બિલકુલ શાંત થઈ ગયા.

સ્વામીના જુનાગઢ ગયા બાદ સંવત ૧૮૮૬ના જેઠ સુદ-૧૦ના રોજ મહારાજે આ નશ્વર દેહનો ત્યાગ કર્યો, તેમનો અગ્નિ સંસ્કાર વગેરે વિધિ કરી, સ્વામીશ્રીને તેડવા સારૂ ભગુજીને ઊંટ પર સવારી કરીને મોકલ્યા અને જલ્દી તેડી લાવવાની ભલામણ કરી. આ સમયે સ્વામીશ્રી મંદિરના શિખર પર ચઢી કડીયાઓ જે ધુંમટનું કામ કરતા હતા તે ધાબામાં રહીને નિરીક્ષણ કરતા હતા. તે સમયમાં ભગુજીને મારતા ઊંટે આવતા જોઈને સ્વામીએ વિચાર કર્યો કે કંઈ અનિષ્ટ થયું છે. ભગુજીએ પાસે આવી ઊંટને ઝુંકાવી સ્વામીને પગે પડી દંડવત કર્યા. માથુ નમાવી મહારાજના

(અનુસંધાન પાના નં. ૨૫ પર)

સત્સંગ બાલવાટિકા
સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

સર્વોત્તમ દવા : શિક્ષાપત્રી

– શાસ્ત્રી હરિ સ્વામી (ગાંધીનગર)

વ્હાલા મિત્રો.....

સ્વામિનારાયણ ભગવાન સદાય પ્રગટ અને સદાય પ્રત્યક્ષ છે. પણ કોઈ દિવસ આપણી સાથે વાત કરે ખરા ? જો તમારી ઈચ્છા હોય કે મારે વાત કરવી છે તો સાંભળી લો શિક્ષાપત્રી એ શ્રીજી મહારાજનું બોલતું સ્વરૂપ છે. દરરોજ સવારે શિક્ષાપત્રીને વંદન કરી મહારાજ સાથે વાતો કરી લેવી. કોઈ પૂછે કે તમે સ્વામિનારાયણ ભગવાન સાથે વાતો કરો છો ? શ્રીજી મહારાજ તમારી સાથે બોલે છે ? હા બોલે છે. પણ તમારે બોલવું હોય તો ને ! મહારાજ તો બોલે છે. પણ તમે મોઢું ચડાવીને ચાલતા થાઓ તો ? સ્વામિનારાયણ ભગવાન શિક્ષાપત્રી સ્વરૂપે આપણી સાથે બોલે છે. પણ એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની કે આપણે શ્રીજી મહારાજ સાથે ક્યારે વાતો કરવી જોઈએ ? ક્યાં ટાઈમે - સાંજે ?ના જો કેમેરાવાળાનો હાથ ધ્રુજતો હોય તો ફોટો સારો ન આવે. એમ આપણામાં જો ડગમગાટ હોય તો શ્રીજી મહારાજની વાણી આપણી અંદર ઉતરે નહીં. સ્વામિનારાયણ ભગવાન સાથે વાત કરવાનો સારામાં સારો સમય ક્યો ? એ આ વાત ઉપરથી સમજીએ.

રામાયણમાં એક કથા આવે છે. લંકામાં લડાઈ વખતે ભાગોળે શક્તિના પ્રહારથી લક્ષ્મણજી બેભાન થઈ ગયેલાં ન બોલે ન ચાલે. રામ જેવા રામ ત્યાં રડવા માંડ્યા કે મારા લક્ષ્મણનું શું થશે ? પણ એક જણાએ આવીને ઉપાય બતાવ્યો. આ લક્ષ્મણને બચાવવા હોય - બેઠા કરવા હોય તો આવતી કાલનો સૂર્ય ઉદય થાય તે પહેલાં એક વિશલ્યકરણી ઔષધી છે. તે દૂરસુદૂરના પહાડોમાં છે. એ જો અહીં લાવી શકાય અને સૂર્યોદય પહેલાં એને વાટીને પાઈ દેવાય તો જ આ લક્ષ્મણ બેઠા થાય નહીં તો નહિ. અને એ વખતે ભગવાનનું કામ-લક્ષ્મણજીનું કામ કોણે કર્યું ? હનુમાનજીએ. હનુમાનજી દોડ્યા ત્યાંય બહુ પ્રપંચ હતો. વિશલ્યકરાણી ઔષધી એવી કે જેના પાંદડા માંથી પ્રકાશ છૂટતો હોય. પણ રાવણની માયાથી બધાં જ ઝાડીઝાંખરાં પ્રકાશીત દેખાવા માંડ્યા. હનુમાનજીએ વિચાર કર્યો. લેતો જા. આખો ડુંગરો જ ઊઠાવ્યો ! ઝાડ ઓળખવા કોણ જાય ? ઓળખનાર ઓળખશે. આખો પહાડ ઉંચક્યો. ભગવાન માટે શું ન થાય ? ભગવાનને રાજી કરવા હોય તો શું ન થાય ? એ વખતે આપણે તો એવો જ જવાબ આપીએ કે અમારું કામ નહીં હોં આપણે એવું ઓળખીએ નહીં. એમાં પડીએ નહી. કહેતા હો તો આ એકાવન રૂપિયા લખી લો. બાકી હું એ દવા લેવા આટલે દૂર ક્યાં જાઉં ? એમ નહીં આ તો હનુમાનજી ! આખો પહાડ ઉંચક્યો અને જઈને લંકાની ભાગોળે મૂક્યો. હજુ સૂર્યોદય થયો નહોતો. સૂર્યોદય થાય. સૂર્યનો પ્રકાશ આ ઔષધી પર પડે તો એની અસર એકદમ ઘટી જાય. સૂર્યોદય પહેલાં વિશલ્યકરણી ઔષધી વાટી એનો રસ કાઢી શ્રીરામે જાતે લક્ષ્મણજીના મોંમા રેડ્યો એટલે તરત જ પેલો શક્તિનો પ્રહાર થયેલો એ ઉપરાંત શરીરમાં કેટલાં બધાં બાણ વાગેલા એની બધી ઝેરી અસરો ધોવાઈ ગઈ. લક્ષ્મણજી સાજા સાવધાન, શૂરવીર બેઠા થઈ ગયા. કેટલો પ્રભાવ ! કેટલો ચમત્કાર ! આ એક ઔષધીમાં ! પણ વૈદ્યની શરત એક જ હતી કે સૂર્યોદય પહેલાં પાવી પડે.

વહાલા મિત્રો ! તમે કોઈએ જોઈએ છે વિશલ્યકરણી ઔષધી ? કોઈએ નથી જોઈ ? તમારી પાસે જ છે. પણ તમે એને ઓળખતા નથી. તમે એને જાણતા નથી. ચિંતામણી જેવો ચિંતામણી છોકરા પાસે હોય, છોકરું તો રમવા માંડે લખોટીની જેમ એને શું મહિમા ? અરે ! તે તમારે ઘેર તમારી પૂજામાં તમારી સાથે શિક્ષાપત્રી છે તે વિશલ્યકરણી છે ! ગમે તેવા માયાની શક્તિના પ્રહાર થયા હોય, રાવણ જેવા કુંસગની તાકાતના પ્રહાર થયા હોય એને કોઈ બચાવી ન શકે. પણ આ શિક્ષાપત્રી બચાવી શકે. પરંતુ શરત એક-સવારે વહેલા ઉઠીને એક ડોઝ લઈ લેવો જોઈએ. નાહી-ધોઈ પરવારીને પહેલું જ પાન એક ચમચી શિક્ષાપત્રીનું અમૃત ઉતારી જાઓ તો

આખા દિવસના કોઈ કુસંગ સોબત ધોવાઈને બહાર નીકળી જાય. ભક્તિમાં ભજનમાં, શૌર્ય આવી જાય. આપણે ઢીલા રહીએ છીએ તેનું કારણ સવારના પહોરમાં ઉઠીને આ ઔષધીનું પાન કરતા નથી. છાપામાં મોઢું નાખી દે છે. ધરાતા જ નથી. છાપામાં મોઢું નાખવા માટે આખો દિવસ પડ્યો છે. જગતની વાતો કરવા માટે આખો દિવસ પડ્યો છે. પણ સવારના ઉઠીને- એટલે કે શરત એજ કે સૂર્યોદય થયા પહેલાં ! માટે તો શ્રીજી મહારાજ શિક્ષાપત્રીમાં જ કહે છે કે બ્રાહ્મમૂહુર્તમાં ઉઠવું. કારણ સૂર્યોદય પહેલાં પૂજા થાય અને આ શિક્ષાપત્રી વંચાઈ જાય. આખી શિક્ષાપત્રી ન વાંચે તો કમસેકમ દસ શ્લોક વાંચજો. રોજ દસ શ્લોક એમ યાદ કરીને કે આજે શ્રીજી મહારાજ મને શું કહે છે ? વાંચતી વખતે એમ વિચારવાનું કે મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન મારી સાથે વાત કરી રહ્યાં છે. તો એમાંથી જ તમારા પ્રશ્નોના જવાબ, તમારી સમસ્યાઓનો ઉકેલ મળી જશે અને આપણા સંતો પણ એમ કહેતા કે શિક્ષાપત્રીને પૂછીને જ વ્યવહાર કરે તે ક્યારેય દુઃખી ન થાય.

મિત્રો ! ખ્યાલ આવી ગયો ને કે ભગવાન સાથે વાત કરવાનો સારો સમય ક્યો ? અને આપણી જુની કહેવત પણ છે કે .....

"રાત્રે વહેલા જે સૂએ વહેલા ઉઠે વીર,
બાળ, બુદ્ધિને ધન વધે સુખમાં રહે શરીર."

કપટીએ કપટ કર્યું .....પાનાનં. ૨૩નું ચાલુ

સ્વધામ પધારવાના અતિ દિલગીર ભર્યા સમાચાર કહ્યા. સમાચાર જાણી સ્વામીએ કડીયાને કહ્યું કે હે રતના હવે પાણો ચોડજે મા ! નીચે નાખી દે ! "કપટીએ કપ કર્યું." સ્વામી દેવાનંદ સ્વામીને સાથે લઈને ભગુજી સાથે ઉંટ પર ગઢડા જવા રવાના થયા. ઉંટ ઉપરથી ઉતરતાં જ સ્વામી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા ! અને કહ્યું કે તમોએ મહારાજના દેહને શા સારૂ અગ્નિ સંસ્કાર કર્યો ? ગમે તે રીતે મહારાજને અક્ષરધામમાંથી પાછા બોલાવી બેઠા કરત, પણ શરીર ગયા પછી શું ઉપાય ?

પાતળીયા સંગાથે બંધાણી મારે
પ્રીતડી રે,
એ વિના ઘડી રહ્યું નવ જાય રે,
બેની થવા દીઠે વધે છે ઉર વેદના રે,
દીઠાથી તનડું ટાઢું થાય રે .....
પાતલીયા.

ત્યારબાદ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું સ્વામી ચાલો શ્રી ગોપીનાથજી મહારાજની મૂર્તિનાં દર્શન કરીએ. સ્વામી ગોપીનાથજીની મૂર્તિ સામે ઊભા રહી, બોલ્યા.

"પ્રાણ સ્નેહી ધરૂ આવો, પિયરા,
હિયરા ધીર ધરત નહિ મેરા."

એ કીર્તન સજળ નેત્રે ગાયું ત્યાં તો સૌના દેખતાં શ્રીજી મહારાજને શ્રી ગોપીનાથ મહારાજની મૂર્તિમાંથી નીસરી મોગરાનો હાર સ્વામીને કંઠમાંથી ઉતારીને પહેરાવ્યો. અને બાથમાં લઈને મળ્યા. સ્વામીનું મુખ આનંદિત થયું. તુરત જ શ્રીજી મહારાજ ગોપીનાથ મહારાજની મૂર્તિમાં અદશ્ય થયા. સ્વામી બોલ્યા.

તારુ છોગું આવી મારા ચિત્તમાં રહ્યું
જગના જીવન રૂડું છોગું જોઈને
અંતરમાં અજવાળું થયુ.
સુંદર શ્યામ સોહાગી તારુ
મુખ નીરખીને દુઃખ દૂર ગયું.
આનંદ સહિત થયું સુખ અંતર
એક જીભે નવ જાય કહ્યું.
બ્રહ્માનંદ કહે એ છોગા સારૂ
લોકડીયાનું અમે મેણું સહ્યું.

આયખું માણ્યા કરું !

"હૈયાની ખરલમાં
હરિ નામ કેરો
કસૂંબો હું ઘૂટ્યા કરું.

જીભની ઝારી થકી
હરિ નામ કેરું
જળ હું છાંટ્યા કરું.

આતમની અટારીએથી
હરિધામ કેરાં
રૂપ હું નિહાળ્યાં કરું.

ઝંખનાની જ્યોતથી
હરિ મૂરત કેરી
આરતિ હું ઉતાર્યા કરું.

હરિ હરિ રટતો
હરિ કેરો હું
આયખું માણ્યા કરું !

પ્રો. - નટવર રાવળ

સત્સંગ સમાચાર

શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં સુનામી પીડિતોના આત્માની શાંતિ માટે યોજાયેલ ધૂન

સર્વોપરિશ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં આપણા ભારત દેશ, થાઈલેન્ડ, શ્રીલંકા, આંદામાનનિકોબાર આદિ વિસ્તારોમાં કુદરતી પ્રકોપ સુનામીના વિનાશકારી ભૂકંપમાં લાખો મનુષ્યો અને અન્ય જીવ પ્રાણી મરણને શરણ થયા. જે સૌના આત્માની શાંતિ માટે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધુન તા : ૧-૧-૨૦૦૫ના રોજ સવારે ૫-૩૦ થી ૬-૩૦ કલાક કરવામાં આવી હતી.

(કોઠારી ધર્મપ્રકાશ સ્વામી)

કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી પવિત્ર તીર્થ ધામ બાળ સ્વરૂપ કષ્ટભંજન દેવના સાંનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા ખાતે તા. ૧૫-૧૨-૨૦૦૪ થી તા. ૧૪-૧-૨૦૦૫ પર્યન્ત ધનુર્માસ ધૂન મહોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ અત્રે ધૂન પ્રસંગે પધારીને સંત-હરિભક્તોને અલૌકિક સુખ આપ્યું હતું. મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને કોઠારી આનંદ સ્વામીની પ્રેરણાથી હરિભક્તોએ માસિક અને દૈનિક ધૂન મોટી સંખ્યામાં નોંધાવીને શ્રી રાધાકૃષ્ણદેવ અને કષ્ટ ભંજનદેવનો રાજીપો મેળવ્યો હતો. (પરેશભાઈ પટેલ)

ધોળકા મંદિરમાં ધનુર્માસની ઉજવણી

સર્વોપરિ શ્રી મોરલી મનોહર દેવ હરિકૃષ્ણ મહારાજના શુભ સાંનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી શ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી મહંત સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી તથા મહંત સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીની પ્રેરણાથી અત્રે ૧૫ ડિસેમ્બરથી ૧૪ જાન્યુઆરી પર્યન્ત ધનુર્માસમાં વહેલી સવારે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધુનથી સમગ્ર વાતાવરણ દિવ્ય અને અલૌકિક લાગતું હતું. ધોળકા અને આજુબાજુના ગામોના હરિભક્તો ધૂનમાં વહેલી સવારે લાભ લેવા આવતા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને અગ્રગણ્ય હરિભક્તોએ ધૂનમાં યજમાન બની અને વિવિધ સેવા કરીને શ્રીહરિનો રાજીપો મેળવ્યો હતો.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ધોળકા)

નારાયણઘાટ મંદિર શાકોત્સવ પ.પૂ. મહારાજશ્રીના હસ્તે ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા મહંત શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી તથા મહંત સ્વામી દેવપ્રસાદદાસજીની પ્રેરણા અને હરિભક્તોના સહયોગથી તા. ૯-૧-૦૫ રવિવારના દિવ્ય શાકોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પોતાના વરદ્ હસ્તે શુધ્ધ ઘીમાં રીંગણનો શાકનો વઘાર કરીને અલૌકિક શાકોત્સવના દર્શનની ઝાંખી સૌ હરિભક્તોને થઈ હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(પ્રતિ. ગોરધનભાઈ વી. સીતાપરા)

સિધ્ધપુર મંદિર

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસમાં ધૂનમાં લાભ લેવા હરિભક્તો મોટી સંખ્યામાં આવતા હતા. ઠાકોરજીને સુંદર શણગાર કરીને અવનવા થાળ ધરાવીને દર્શન કરાવવામાં આવતા હતા. મહંત સ્વામી ભક્તિપ્રિયદાસજી અને પૂજારી સ્વામી ચંદ્રપ્રકાશદાસજીએ ઠાકોરજીની સુંદર સેવા કરીને સૌનો રાજીપો મેળવ્યો હતો. (શા. શ્રીરંગદાસજી)

મહેસાણા મંદિરમાં શાકોત્સવ ઉજવાયો

અત્રે નિર્માણાધિન શ્રીસ્વામિનારાયણ મંદિર મહેસાણામાં તા. ૪-૨-૦૫ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે અદ્‌ભૂત ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં સવારે ૮-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા અને સન્માન સમારંભનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વક્તાપદે પૂ. પી.પી. સ્વામીએ વિદ્વતાપૂર્ણ ધર્મકુળ માહાત્મય સહ વક્તવ્ય આપ્યું હતું. મહંત સ્વામી ઉત્તમપ્રિયદાસજી અને નારાયણપ્રસાદ સ્વામીએ આ પ્રસંગે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. ઘણાજ ભાવિક હરિભક્તોએ યજમાન બની લાભ લીધો હતો. (જી.કે. પટેલ વિમલ ગ્રુપ, સ્કીમ કમિટી સભ્યશ્રી)

શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી પૂ. લક્ષ્મણજીવન સ્વામીની પ્રેરણાથી અને એપ્રોચ સત્સંગ સમાજના સહયોગથી બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૧૫-૧-૦૫ના રોજ વિજય સ્થંભ સ્થાપન તેમજ શાકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જે વિવિધ શણગારેલા વાહનોમાં બાપુનગર વિસ્તારમાં પસાર થઈને મહોત્સવ સ્થળ પર પહોંચી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિજય સ્થંભનું પૂજન તથા સ્થાપન થયું હતું. ત્યારબાદ સુંદર અદ્‌ભૂત શાકોત્સવ પોતાના વરદ્ હસ્તે કરીને સૌને સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. વિજય સ્થંભ સ્થાપનના મુખ્ય યજમાન પદે પ.ભ. શ્રી પરેશભાઈ દેવશીભાઈ ડોબરીયાએ દિવ્ય લાભ લીધો હતો.

નોંધ : <u>એપ્રોચ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સ્થળ ફેરફાર કરીને નીચેના સ્થળે નિયત કરવામાં આવ્યું છે. જેની સૌએ નોંધ લેવી.</u>

શ્રી સ્વામિનારાયણ નગર
જકાતનાકા સામે, જીવન ટ્વીન બંગલોઝ
પાસે, નિકોલગામ રોડ.

(ગોરધનભાઈ સીતાપરા)

વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહંત સ્વામી હરિસેવાદાસજીની પ્રેરણાથી ધનુર્માસ દરમ્યાન શ્રી ઠાકોરજીને અવનવા શણગાર સજાવી સુંદર દર્શનનો લાભ આપ્યો હતો. ધૂન-કીર્તન અને શા.સ્વા. નારાયણવલ્લભદાસજીએ સુંદર કથાનો

લાભ આપ્યો હતો. ધર્મપુત્ર શ્રીહરિ અને ધર્મવંશી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાનુંસાર સત્સંગોન્નતિ માટે સૌ ભાવિક ભક્તોને પ્રેરણા પિયુષનું પાન કરાવી ધન્ય કર્યા હતા. (શા. વિશ્વપ્રકાશદાસ)

વિસનગર

વિસનગર ખાતે શ્રી સહજાનંદ કિશોર મંડળ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના તમામ સભ્યશ્રીઓની પતંગ હરિફાઈ કાર્યક્રમનું તા. ૯-૧-૦૫ના રોજ શ્રી સહજાનંદ સંસ્કારધામ વિસનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૧૦૦ સભ્યોએ ભાગ લીધેલ. જે હરિફાઈમાં વિજેતા સભ્યોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. (સહજાનંદ કિશોરમંડળ)

ધમાસણામાં શાકોત્સવ ઉજવાયો

શ્રીજી મહારાજે લોયામાં કરેલ શાકોત્સવના તાદૃશ દર્શન ધમાસણા ગામે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પ્રથમ પોતાના વરદ્ હસ્તે શાકોત્સવ કરીને ઉત્તર ગુજરાતના દંઢાવ્ય દેશના ભક્તોને અતિ મહા સુખ આપ્યું હતું. સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીની પ્રેરણાથી પ.ભ. વિક્રમભાઈ ભગાભાઈ પટેલ, મુકેશભાઈ રમણભાઈ પટેલે યજમાન બની પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ મેળવી ધન્યભાગી બન્યા હતા. ત્યાંથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પ.ભ. લાલભાઈ શંકરભાઈ પટેલ (માજી મેમ્બર)ને ત્યાં પધાર્યા હતા.

રામપુરા (ભંકોડા)

પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના પરમ પવિત્ર પદારવિંદથી પવિત્ર કરી જ્યાં શ્રીહરિ માખણ બાજરીનો રોટલો અને ચટણી જમેલ અને જેના ઉપર બેસી સ્નાન કરેલ તે પ્રસાદીનો પથ્થર દર્શનાર્થીઓને શ્રીજી મહારાજની લીલા ચરિત્રોનું સ્મરણ કરાવે છે. અહીં મંદિરમાં સવારે ૫-૩૦ થી ૭-૦૦ ધૂન, કીર્તન કથા વાર્તામાં હરિભક્તોએ ખૂબજ તલ્લીન થઈ ભાગ લીધો હતો. (અરજણભાઈ ગો. મોરી)

રિદ્રોલ અને મોડાસામાં સત્સંગ પ્રવૃત્તિ

મૂળીના સ્વામી દેવપ્રસાદદાસના માર્ગ દર્શન હેઠળ ધનુર્માસમાં ધૂન, ભજન, કીર્તન કરવામાં આવેલ. જ્યારે મોડાસામાં શા.છપૈયાપ્રસાદદાસે ધનુર્માસમાં શ્રીહરિલીલામૃત ગ્રંથની કથા કરીને ધૂનનો પણ સુંદર લાભ આપેલ. હરિભક્તો ઘણી સારી સંખ્યામાં લાભ લેવા આવ્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સત્સંગ સુંદર ચાલે છે.

(રમેશભાઈ વી. પટેલ મોડાસા)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

લીલાપુરમાં શાકોત્સવ ઉજવાયો

અત્રે તા. ૧૨-૧-૦૫ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. સત્સંગ સભાનું પણ સુંદર આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે અમદાવાદ, મૂળી, સુરેન્દ્રનગર, ચરાડવા આદિ ધામોથી સંતો પધાર્યા હતા. પ્રસંગનું સંચાલન સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ સંભાળ્યું હતું.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

મહાપ્રસાદી ભૂત જ્ઞાનવાવે શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મૂળીમાં મહાપ્રસાદી ભૂત જ્ઞાનવાવે સુરેન્દ્રનગર સત્સંગ સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વરસે પણ માગસર વદ-૩૦ના સુંદર શાકોત્સવનું આયોજન કર્યું હતું. મૂળી દેશના મોટી સંખ્યામાં હરિભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો. મૂળી, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા અને લીમડી ધામોથી વિદ્વાન સંતો પધારેલા. શાસ્ત્રી સ્વામી પ્રેમવલ્લભદાસજીએ પ્રસંગનું આયોજન કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

લખતર ગામે ભાગવત સપ્તાહ પારાયણ

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને કોટેશ્વર ગુરુકુળના પી.પી. સ્વામી (નાના)ની પ્રેરણાથી પ.ભ. ત્રિભોવનભાઈ પરસોત્તમભાઈ (તાવીવાળા)ના યજમાન પદે અને સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજીના વક્તાપદે શ્રીમદ્‌ભાગવત પારાયણ ધામધુમથી સંપન્ન થઈ હતી. પોથી યાત્રા, કૃષ્ણજન્મોત્સવ વગેરે ધામધુમથી ઉજવાયા હતા. આ પ્રસંગે અમદાવાદ, મૂળી અને સુરેન્દ્રનગરના સંતોએ પોતાની અમૃતવાણીનો લાભ આપેલ.

તા. ૧૫-૧૧-૦૪ના પ.ભ. લાલજીભાઈ શામજીભાઈના યજમાન પદે ભવ્ય સત્સંગ ડાયરાનું આયોજન કરવામાં આવેલ. જેમાં દિનેશ વધાશીયા, મયંક મોદી, પૂરવ પટેલ, ધવલ સોની આદિ કલાકારોએ નંદસંતો રચિત કીર્તનો મધુર કંઠે ગાઈને સૌને આનંદિત કર્યા હતા. નાના પી.પી. સ્વામીએ કથાનો લાભ આપેલ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર વ્યવસ્થા કરી હતી.

(પટેલ અમૃતલાલ હિરજીભાઈ)

નાના અંકેવાળીયા ગામે સત્સંગ ડાયરો યોજાયો

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સત્સંગ ડાયરાનું સુંદર આયોજન કર્યું હતું. જેમાં પૂરવ પટેલ, ધવલ સોની, મયંક મોદી, દિનેશ વધાશીયા આ બધા કલાકારોએ કીર્તન ભક્તિ અને ભક્તિરસની દ્રષ્ટાંત સહિત વાતો કરીને સૌને આનંદિત કર્યા હતા. નાના પી.પી. સ્વામી પ્રસંગના માર્ગદર્શક રહ્યા હતા. શા. સ્વામી રામકૃષ્ણદાસજીએ પ્રસંગોચિત પ્રવચન આપીને સૌને ભાવવિભોર કર્યા હતા.

(અમૃતલાલ પટેલ લખતર)

હળવદમાં શાકોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે ત્રૈમાસિક સત્સંગ સભા અને શાકોત્સવ શ્રીજી સ્વામી અને સંત મંડળની પ્રેરણાથી હળવદદેશના હરિભક્તોએ ઉજવ્યો હતો. જેમાં ઘણાંજ ભક્તજનોએ લાભ લીધો હતો. (તારબુંદીયા રમેશભાઈ)

લીંબડી મંદિર

શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના લીંબડી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી મહંત પુરાણી સ્વામી બાળસ્વરૂપદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સૌ હરિભક્તોના સહિયારા પુરુષાર્થથી તા. ૨૭-૧૨-૦૪ના રોજ ભવ્ય શાકોત્સવ અને ૬

કલાકની ધૂન કરવામાં આવી હતી. આ પ્રસંગે સુરેન્દ્રનગરથી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી અને શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીએ હરિભક્તોને પ્રેરણાત્મક વિયુષનું પાન કરાવ્યું હતું. તથા સાં. ઉષાબા અને સાં. કમળાબા એ પણ બહેનોને સુંદર કથાનો લાભ આપ્યો હતો.

(કોઠારી સ્વામી લીંબડી)

તપોવન મંદિરમાં સ્વામી ભક્તવત્સલદાસની પ્રેરણાથી શાકોત્સવ ધામધુમથી ઉજવ્યો હતો. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. સંત-મંડળે સારી સેવા બજાવી હતી. (માણેકભાઈ સોની)

શ્રી સ્વામિનારાયણ બાળ ધૂન મંડળ મેતપુર

શ્રી સ્વામિનારાયણ બાળધૂન મંડળ મેતપુર ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા સં. ૨૦૬૧ કારતક વદ-૩૦ તા. ૧૨-૧૨-૨૦૦૪ના કુલ ૩૨ કેન્દ્રોમાં પરીક્ષા લેવામાં આવી હતી. જેનું જનરલ પરિણામ તા. ૧૩-૧-૦૫ના રોજ વડતાલના શા.સ્વા. દેવપ્રકાશદાસજીએ જાહેર કર્યું હતું. (૧) સત્સંગ પ્રારંભ (૨) સત્સંગ પ્રવેશ (૩) સત્સંગ પરિચય (૪) સત્સંગ પારંગત અને (૫) સત્સંગ રત્ન, કુલ ૧૧૫૮માંથી ૯૩૮ હાજર હતા અને અને જેમાંથી ૮૧૯ પાસ થયા છે. ૧૧૯ ના પાસ થયા છે. ૮૭.૩૧ ટકા પરિણામ આવ્યું છે. (અમૃતભાઈ પટેલ).

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી મેતપુરના યુવાનોની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

મૂળી મંદિરમાં વસંતોત્સવ-રંગોત્સવમાં લાભ લેવા પધારો

શ્રીહરિના સૌ વ્હાલા ભક્તજનોને હર્ષોલ્લાસ સાથે જણાવવાનું કે સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાને પધરાવેલા શ્રી રાધાકૃષ્ણદેવ-હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં મૂળીશ્રી સ્વામિનારાયણ મંદિરમાં વસંત પંચમીનો સમૈયો અને રંગોત્સવ ધામધુમથી ઉજવાશે.

તા. ૧૩-૨-૨૦૦૫ને વસંત પંચમીના શુભ દિને સવારે ૬-૩૦ કલાકે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ હસ્તે શ્રીરાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજને શોડષોપચાર વિધિથી મહાભિષેક વેદ વિધિસર રીતે ધામધુમથી સંપન્ન થશે. ત્યારબાદ પ્રસાદીના સભા મંડપમાં શ્રી ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં પ્રાસંગિક સભામાં શિક્ષાપત્રીનું પૂજન અર્ચન અને ઝાલાવાડના હરિભક્તો પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શનનો લાભ લઈ આશીર્વાદ મેળવશે.

બપોરે ૧૨-૦૦ કલાકે પ.પૂ.લાલજી મહારાજશ્રી રંગોત્સવ રમવા મંદિરના ચોકમાં પધારશે અને દેશોદેશથી પધારેલા યુવા આબાલ વૃદ્ધ સૌને કેસુડાના દિવ્ય રંગથી એવા રંગશે કે જેને બીજો કોઈ રંગ ક્યારેય ન લાગે. માટે સમસ્ત હરિભક્તોને આ પ્રસંગનો મહા લાભ લેવા અને પૂ. લાલજી મહારાજશ્રીના શુભ હસ્તે રંગાવા માટે જરૂર પધારશો તેવું સૌને રૂડું આમંત્રણ છે.

મહંત સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી અને
મહંત સ્વામી નરેન્દ્રપ્રસાદદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

મૂળી મંદિરમાં નવા મહંત સ્વામીની નિયુક્તિ

શ્રી નરનારાયણદેવ પીઠાધિતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પદે સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. પુરાણી સ્વામી પુરુષોત્તમચરણદાસજી અને સ.ગુ. સ્વામી નરેન્દ્રપ્રસાદદાસજી ગુરુ. સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીને તા. ૧૭-૧-૨૦૦૫ના રોજ નિયુક્ત કર્યા છે. નિવૃત મહંત શાસ્ત્રી સ્વામી મુકુન્દપ્રસાદદાસજીએ પણ તેમના સમયકાળ દરમ્યાન મંદિરની સેવા કરીને સૌનો રાજીપો મેળવ્યો હતો.

વિદેશ સત્સંગ સમાચાર

ઓસ્ટ્રેલીયાના સીડની (I.S.S.O. સંસ્થાપિત) શહેરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છેલ્લા પાંચ વરસથી ઓસ્ટ્રેલીયાના પ્રવાસે પધારતા અને ત્યાં વસતા મૂળ સંપ્રદાયના આશ્રિતોની સંખ્યા દર વર્ષે ઉત્તરોત્તર વધતી જતી હતી. તે સૌનો સંકલ્પ અત્રે આપણું મંદિર નિર્માણ થાય તો આપણા મૂળ સંપ્રદાયના આશ્રિતો અને તેમનો પરિવાર સત્સંગમાં વધુને વધુ પ્રેરાય આવી પ્રાર્થના બન્ને પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની સમક્ષ કરી જેથી પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ સૌ હરિભક્તોના સંકલ્પને સિધ્ધ કરીને ખૂબજ ટૂંકા સમયમાં મંદિરનું નિર્માણ કરાવ્યું. જેમાં આપણા કચ્છ-ગુજરાત અને સૌરાષ્ટ્રના હરિભક્તોએ તન-મન ધનથી સેવા કરી. મંદિરનું કામ પૂર્ણ થતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સાથે પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, પાર્ષદ વનરાજ ભગત ઓસ્ટ્રેલીયા પધાર્યા. જ્યાં આપણા હરિભક્તોએ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત સામૈયું કરીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પોતાના ઉતારે પધાર્યા. તા. ૨-૧-૨૦૦૫ના શુભ મંગળ દિને ઓસ્ટ્રેલીયાના વિશાળ ખંડમાં આવેલા સીડની શહેરમાં I.S.S.O. સંસ્થાપિત શ્રી નરનારાયણદેવ તાબાના ભવ્ય મંદિરમાં શ્રી નરનારાયણદેવ શ્રી લક્ષ્મીનારાયણદેવ અને સર્વોપરિ ઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શોડષોપચાર વિધિથી વેદવિધિસર મૂર્તિ પ્રતિષ્ઠા સંપન્ન થઈ હતી. આ પ્રસંગના દર્શન કરવા સીડની શહેરના દરેક ભારતીય અને ગુજરાતી પરિવારો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આજે સીડનીના હરિભક્તોનું ઘણા વરસોનું સ્વપ્ર સાકાર થયું. પૂ. મહંત સ્વામીએ વિદ્વતાપૂર્ણ ભાષામાં મૂળ સંપ્રદાય તેની પરંપરા અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું મહિમા માહાત્મય સૌને સમજાય તે રીતે સરળભાષામાં સમજાવ્યું હતું. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ આપી નિત્યે મંદિરમાં દર્શન કરવા અને સત્સંગ સભામાં ભાગ લેવા

આજ્ઞા કરી હતી. અત્રે શા. સ્વામી ગોલોક વિહારી દાસજી (બદ્રિનારાયણ મંદિર મહંતશ્રી) અને સ્વામી હરિસ્વરૂપદાસજી અગાઉથી ત્યાં સેવામાં જોડાયા હતા. પ્રસંગ પૂર્ણ કરી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સંત મંડળે પર્થ જવા પ્રયાણ કર્યું હતું.

(શા.સ્વા. ગોલોકવિહારીદાસજી)

શિકાગો મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું અભૂતપૂર્વ સ્વાગત સામૈયું

અમેરિકાના શિકાગો શહેરના અતિ વિશાળ આપ[illegible]ંદિર અને એટલાજ વિશાળ સંખ્યામા વસતા મૂળ સંપ્રદાયના આશ્રિતોએ શ્રીહરિના ૭માં વંશજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આચાર્ય પદે પ્રસ્થાપિત થયા બાદ પ્રથમવાર અમેરિકાની ભૂમિ પર પધાર્યા ત્યારે હજારો હરિભક્તોએ ખૂબજ ભાવપૂર્વક આનંદ ઉલ્લાસ સાથે યુવા વર્ગે નાચી કુદીને અને વૃદ્ધોએ ભગવાનનું સતત નામ રટણ કરતા અને બાળકોએ કાલીઘેલી ભાષામાં એવું સ્વાગત સામૈયું કર્યું કે, તેમાં અનેક સંપ્રદાયના લોકો પણ જોડાઈને ભાગ લેવા ઉત્સાહિત થયા હતા. આતશબાજીના રંગબેરંગી ધૂમ્રશેરોથી સારુંય આકાશ કલરમય બની ગયું હતું. સર્વેને મન અતિ આનંદ સમાતો ન હતો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી આપણા મંદિરમાં પધાર્યા ત્યારે મંદિર પણ રોશનીથી દેદિપ્યમાન શોભતું હતું. હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીના જયનાદથી મંદિરને ગજવી મૂક્યું હતું. મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી દર્શન કરીને સભામાં વિરાજમાન થયા હતા. સૌ પ્રથમ અત્રેના મહંત સ્વામી ધર્મવલ્લભદાસજી પ્રેસિડેન્ટ શ્રી જગદીશભાઈ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ વગેરે સૌએ પુષ્પહારથી સ્વાગત કર્યું. ત્યારબાદ સભામાં મહંત સ્વામી શા.સ્વા. નિર્ગુણદાસજી તથા પૂ. પી.પી. સ્વામી, શા.સ્વા. ધર્મવલ્લભદાસજી, પૂજારી હરિનંદનદાસ, શ્રી જગદીશભાઈ, શ્રીવિવેક, શ્રી હેપીન વગેરેએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા ત્યાર બાદ સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સૌ હરિભક્તોએ શિસ્તબધ્ધ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી અતિ ધન્ય બન્યા હતા. ધનુર્માસમાં શાસ્ત્રી સ્વામીએ ભક્તિ નિધિ ગ્રંથની કથા કરી અને ઠાકોરજીને વિવિધ પ્રકારના થાળ અને શણગાર ધરાવીને દર્શનનો દિવ્યાનંદ પ્રાપ્ત કરાવ્યો હતો.

(પૂજારી શાંતિપ્રકાશદાસ)

હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું શુભ આગમન

તા. ૨૦-૧૨-૦૪ના શુભદિને વિશ્વના વિશાળ સંપ્રદાયના વિશાળ ધર્મના વડા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સૌ પ્રથમ ગાદી પર વિરાજમાન થયા બાદ અમેરિકાની ધરતી પર હ્યુસ્ટન શહેરના એરપોર્ટ પર પધાર્યા ત્યારે યુવક મંડળ, કારોબારી કમિટી અને હજારો હરિભક્તોએ અભૂતપૂર્વ સ્વાગત સામૈયું કરીને પોતાના વ્હાલા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને વધાવ્યા હતા. તા. ૨૧-૧૨-૦૪ના મંગળવારના સાંજે સાત વાગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું વાજતે ગાજતે ભવ્ય શોભાયાત્રા-વરઘોડાના રૂપમાં અભૂતપૂર્વ સ્વાગત સામૈયુ કર્યું હતું. શહેરના રાજમાર્ગો પર હરિનામ સ્મરણના મંગલ ધ્વનિ અને આતશબાજીના ધુમ ધડાકા અને યુવાન હરિભક્તો દ્વારા ભજન કીર્તનથી સારુય વાતાવરણ મંગલમય અને દિવ્ય બની ગયું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી મંદિરમાં પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં વિરાજમાન થયા હતા. પ.ભ. ધ્રુવલભાઈ શાહ અને પ્રમુખશ્રી દેવેન્દ્રભાઈએ સૌ હરિભક્તો વતી આરતી ઉતારી પૂજન કર્યું હતું.

પ્રાસંગિક સભામાં પૂ. મહંત સ્વામી નિર્ગુણદાસજી અને પૂ.પી.પી. સ્વામીએ જણાવ્યું કે અહીં ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીએ જ્યારથી મૂર્તિ પ્રતિષ્ઠા કરી ત્યારથી શ્રીહરિકૃષ્ણ મહારાજ હાજરા હજુર છે. તેના પરચા સૌને મળતા જ રહે છે. છેલ્લે સૌ હરિભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી સૌ હરિભક્તો પર ખૂબજ રાજી થયા હતા.

(રમેશભઈ પટેલ સેક્રેટરી, સાંકાપુરાવાળા)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી રાહિલ પ્રકાશભાઈ પટેલ જન્મ દિવસ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ નટવરભાઈ નરોત્તમદાસ નવુ મકાન લીધુ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ઘનશ્યામભાઈ હરિભાઈ પટેલ નવી ગાડી લીધી તે નિમિત્તે	કણભા
૨૫૧-૦૦	પ.ભ. રતીલાલ બેચરદાસ પટેલ નવુ મકાન લીધુ તે નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦	પ.ભ. નારણભાઈ ચતુરભાઈ પટેલ નવી હિરોહોન્ડા મોટર સાયકલ લીધી તે નિમિત્તે	પાટણ
૧૦૦-૦૦	પ.ભ. કેશવલાલ રામદાસ પટેલ અમેરિકાના વીઝા મળ્યા તે નિમિત્તે	ડાંગરવા
૧૦૧-૦૦	પ.ભ. ઠક્કર વિયનકાન્ત નટવરલાલ શ્રીજીકૃપાથી ચિ. પ્રજ્ઞેશને ત્યાં પુત્રીના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ઠક્કર વિનયકાન્ત નટવરલાલ બોપલમાં નવા નિવાસ સ્થાને રહેવા ગયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. જીતેન્દ્રકુમાર સુખાભાઈ સાપરીયા નવુ હિરોહોન્ડા લીધુ તે નિમિત્તે	(જામસરવાળા) સુરત
૧૦૧-૦૦	પ.ભ. લાધુભાઈ ગણેશભાઈ મોરી નવુ મકાન બનાવ્યું તે નિમિત્તે	કાલીયાણા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ રમેશભાઈ મણીલાલ નવુ સ્કુટર લાવ્યા તે નિમિત્તે	રામનગર

૧૦૧-૦૦	પ.ભ. પટેલ જીતેન્દ્રકુમાર બાબુલાલ શ્રી રેવાબા રેસીડન્ટલનું પ્રથમ કામ નિમિત્તે	વિહારવાળા
૧૦૦-૦૦	પ.ભ. મધુબેન શનાભાઈ પટેલ ભાણી અમેરિકા ગઈ તે નિમિત્તે	આનંદપુરા
૧૦૧-૦૦	અ.નિ. પૂંજીબેન કાંતિલાલ કાબરાવાળા પુણ્યતિથિ નિમિત્તે	દાહોદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ નવુ બાઈક લીધુ તે નિમિત્તે	પરઢોલ
૧૦૦-૦૦	પ.ભ. શારદાબેન રતીલાલ પટેલ શ્રીહરિની કૃપાથી લકવાની બિમારી દૂર થઈ તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	પ.ભ. મનોજભાઈ મહેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ- મુંબઈ
૧૦૧-૦૦	પ.ભ. વાઘેલા ગજેન્દ્રસિંહ પથુભા ચાતુર્માસ કર્યો અને મકાન લીધુ તે નિમિત્તે	ગોધાવી
૧૫૧-૦૦	પ.ભ. ગોહેલ મહેશકુમાર ચકુભાઈ નવુ મકાન લીધુ તે નિમિત્તે	બાલંભા-સુરત
૧૦૧-૦૦	અ.નિ. સવિતાબેન ચંદુભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે	(કણભા) નરોડા
૧૦૦-૦૦	પ.ભ. દિપેન્શકુમાર સુરેશભાઈ પટેલ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નાર્થે	બાયડ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ વસંતકુમાર મગનભાઈ ગાડી ખરીદી તે નિમિત્તે	સાયરા
૧૦૧-૦૦	અ.નિ. શાંતાબેન શંભુભાઈ અમીનના અક્ષરવાસ નિમિત્તે	અસલાલી
૧૦૧-૦૦	પ.ભ. મધુબેન જયંતીલાલ પટેલના ચિ. અલ્પેશને USAની સીટીઝનશીપ મળી અને ચિ. નિકીતાની સગાઈ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મધુબેન જયંતીભાઈ (કુંડાલવાળા)ની સુપુત્રી તેજલને સી.એ.ની ડીગ્રી મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. કચરાભાઈ જોઈતારામ પટેલના સ્મરણાર્થે	સોજા-કલોલ
૧૦૦-૦૦	પ.ભ. ગોરધનભાઈ શંકરભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સોજા
૧૦૧-૦૦	પ.ભ. હર્ષિત મહેન્દ્રભાઈ દવે શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૨૦૧-૦૦	પ.ભ. પટેલ સંગીતાબેન તથા જતીનકુમાર મીઠાભાઈ ચિ. હેતના જન્મ પ્રસંગે	(વિહારવાળા) અમદાવદ
૧૦૧-૦૦	પ.ભ. પ્રોફેસર એ.આર. દલાલની સુપુત્રી ચિ. દિપલના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦	જયમ ઝબુકભાઈ પટેલ સ્કુલમાં બેસાડ્યો તેના પ્રથમ દિવસ પ્રસંગે	અમદાવાદ
૫૦૦-૦૦	અ.નિ. પ.ભ. ધનજીભાઈ ખોડીદાસ પટેલના પુત્ર શ્રી યોગેશકુમાર ધનજીભાઈને ઘેર શ્રીહરિકૃપાથી પુત્રનું પારણું બંધાયુ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	પ.ભ. સોમાભાઈ ધીરજલાલ બારોટની ચિ. ગીતાબેનને યુ.એન.મહેતા હોસ્પિટલમાં પ્રમોશન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. શશીકાન્તભાઈ એમ. કાછીયા છપૈયા, અયોધ્યા, હરિદ્વારની યાત્રા નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. અરવિંદસિંહ જે. વાઘેલા શ્રીજી પ્રસન્નાર્થે	ખોડા
૧૦૫-૦૦	પ.ભ. સુચિત્રાબેન નૈનેશકુમાર લગ્ન પ્રસંગે	નાંદોલ
૧૦૦-૦૦	પ.ભ. વસંતકુમાર રસિકલાલ કાછીયા પટેલ નવુ મકાન બનાવ્યું તે નિમિત્તે	કપડવંજ
૧૦૧-૦૦	પ.ભ. અલ્પેશ આર. ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૦-૦૦	ક્રિસ મયંકકુમાર નાથાલાલ પટેલ ૬-૧૦-૦૪ જન્મદિવસ નિમિત્તે	વિહારવાળા
૧૦૧-૦૦	શ્રી પ્રશાંત ડી. સોનપુરાના શુભ લગ્ન સોનીયા પી. શાહ સાથે થયા તે નિમિત્તે	યુ.એસ.એ.
૧૦૧-૦૦	પ.ભ. સુકૃત ડી. સોમપુરાની ઉજ્જવલ કારકિર્દી નિમિત્તે, શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પોતદાર ભૂપેન્દ્રકુમાર દામોદરદાસ ચિ. દિપકના શુભ લગ્ન પ્રસંગે	હળવદ હાલ અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. જાગાભાઈ નારણભાઈ રાવળીયા નવી દુકાન શરૂ કરી તે નિમિત્તે	સેલાણા
૧૦૧-૦૦	પ.ભ. પંકજભાઈ વિઠ્ઠલદાસ પટેલ નયના ઈમિટેશન એન્ડ નોવેલ્ટી નામે નવી દુકાન શરૂ કરી તે નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	સતીષ ઈલેકટ્રીકલ નવી દુકાનનું ઉદ્‌ઘાટન કર્યું તે નિમિત્તે	અમદાવાદ
૫૦૧-૦૦	પ.ભ. દેવેન્દ્રભાઈ જગન્નાથ ઉપાધ્યાય પ.ભ. જગન્નાથ છગનલાલ ઉપાધ્યાય તા. ૧૨-૧૧-૦૪ના અક્ષરનિવાસી થયા તેમના સ્મરણાર્થે	ઈસનપુર-અમદાવાદ
૧૦૧-૦૦	હીરાબા ગોવિંદભાઈ ગોહેલનું પ.પૂ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી ઓપરેશન સફળ થયુ તે નિમિત્તે	ટીંબા
૧૦૧-૦૦	પ.ભ. મિહીર ભગતના જન્મ દિવસ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. અંજલી ભગત ૩૧ મા જન્મ દિવસ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. હિરાણી એમ. જે. શ્રીજી સેલ્સ એન્જસી શ્રીજી પ્રસન્નાર્થે	મોરબી
૧૦૧-૦૦	અ.નિ. પ.ભ. મોહનભાઈ રાઘવભાઈ ઠુમ્મર તરફથી શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે	અમદાવાદ

૧૦૧-૦૦	પ.ભ. પટેલ પ્રતિકભાઈ મનસુખભાઈ પ્રવાસ સુખરૂપ પૂર્ણ થયો તે નિમિત્તે	
૧૧૧-૦૦	પ.ભ. જોયલ રમેશભાઈ પટેલ ચિ. પર્વની ચૌલ ક્રિયા નિમિત્તે	વહેલાલ
૧૦૧-૦૦	પ.ભ. અનીલભાઈ મહેતા નવો કેમેરો ખરીદ્યો તે નિમિત્તે	સેટેલાઈટ
૧૦૦-૦૦	પ.ભ. કમલેશભાઈ સતીષભાઈ પટેલ અ.નિ. ચંચળબેન રમણલાલ પટેલની પુણ્યતિથિ નિમિત્તે	જમીયતપુરા
૧૦૧-૦૦	પ.ભ. ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૦૦-૦૦	પ.ભ. ધર્મેન્દ્રકુમાર રમેશચંદ્ર પટેલ નવુ એકટીવા સ્કુટર લાવ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૦૦-૦૦	પ.ભ. પટેલ ભદ્રેશકુમાર મણીલાલ નવુ બાઈક લાવ્યા તે નિમિત્તે	નરોડા-કનીપુર
૧૦૦-૦૦	પ.ભ. પટેલ ઘનશ્યામભાઈ મણીલાલ નવુ બાઈક લાવ્યા તે નિમિત્તે	નરોડા-કનીપુર (વિહારવાળા)
૧૦૧-૦૦	પ.ભ. નરેન્દ્રકુમાર રમણલાલ નવુ બાઈક લાવ્યા તે નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	પ.ભ. કાછીયા શશીકાન્ત રસિકલાલ નવો ટેમ્પો લાવ્યા તે નિમિત્તે	રાયણીયા
૧૦૧-૦૦	પ.ભ. જીતેન્દ્ર વલ્લભભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મોખાસણ
૧૦૦-૦૦	પ.ભ. પટેલ દિનેશભાઈ બાબુભાઈ ચિ. પ્રેમના જન્મદિવસ નિમિત્તે	મીરારોડ-મુંબઈ
૧૦૧-૦૦	પ.ભ. મનોજભાઈ બાબુભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ નિકુંજભાઈ ડાહ્યાભાઈ લગ્ન પ્રસંગે અને હેત (ભાણા)ના જન્મ પ્રસંગે	બળોલવાલા
૧૦૧-૦૦	પ.ભ. પરમાર હરિભાઈ મોતીભાઈ ચિ. પુત્ર નયેન્દ્ર તથા જયશ્રીના શુભ લગ્ન પ્રસંગે	ધનસુરા
૧૦૧-૦૦	પટેલ અર્ચિતાબેન શૈલેષભાઈને પ્રાથમિક શિક્ષકની નોકરી મળી તે નિમિત્તે	ખેરોલ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ કાનજીભાઈ મોતીભાઈના ચિ. કિરણકુમારને પ્રાથમિક શાળામાં નોકરી મળી તે નિમિત્તે	ધનસુરા
૧૦૫-૦૦	પ.ભ. નિતિશકુમાર તથા પન્ના અશોકભાઈના ચિ. પૂંજાભાઈ પટેલ લગ્ન પ્રસંગે	નરોડા
૧૦૦-૦૦	પ.ભ. પટેલ રાજેશકુમાર વિષ્ણુભાઈ ચિ. રાજકુમારના જન્મદિવસ નિમિત્તે	
૧૦૧-૦૦	અ.નિ. ભાવસાર અમૃતલાલ દામોદરદાસ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે	નવાવાડજ
૧૦૧-૦૦	પ.ભ. મુકેશભાઈ ભીખાભાઈ પરમાર જન્મદિવસ નિમિત્તે	ઊંઝા
૧૦૧-૦૦	નિમિષ કન્સ્ટ્રકશન કું. નવુ કામ મળ્યુ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મહેશભાઈ ચિમનલાલ સોલંકી નવુ ઈટરનો-સ્કૂટર લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	પ.ભ. ભાવિનભાઈ વી. શાહ શ્રીજી પ્રસન્નાર્થે	દેઉસણા
૨૫૧-૦૦	અંકિતાબેન રમેશભાઈ પટેલના શુભ લગ્ન પ્રસંગે	હિંમતનગર
૧૦૧-૦૦	પ.ભ. તેજશકુમાર ભીખાલાલ શેઠ નોકરી મળી તે નિમિત્તે	ધોળકા
૧૦૧-૦૦	પ.ભ. પુષ્પાબેન કુબેરદાસ દેસાઈ નવુ મકાન ખરીદ્યું તે નિમિત્તે	

શ્રી ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ ની ચાદી

ભાદરવા સુદી-૪ પ.ભ. ભરતભાઈ ચિમનલાલ દરજી, અમદાવાદ. **સુદી-૧૦** પ.ભ. દિનેશભાઈ જેશંગભાઈ રાવ. **સુદી-૧૨** પૂ. ગવૈયા સ્વામીની પારાયણ નિમિત્તે. ભગત જીજ્ઞેશકુમાર ભદ્રેશભાઈ, સુરત. **સુદી-૧૩** પ.ભ. પરેસભાઈ ભોગીલાલ, નરોડા. પ.ભ. કાશીબેન ભાલચંદભાઈ નાથાલાલ પટેલ, ઉંઝા. પ.પૂ. ગવૈયા સ્વામીની પારાયણ નિમિત્તે. પ.ભ. લલીતાબેન રાઘવજીભાઈ મકવાણા. **સુદી-૧૪** પ.પૂ. ગવૈયા સ્વામીની પારાયણ નિમિત્તે. **સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણીબેન ગિરધરલાલ ગજજર, અમદાવાદ. પ.પૂ. ગવૈયા સ્વામીની પારાયણ નિમિત્તે **ભાદરવા વદી-૧** પ.ભ. નંદુભાઈ ભક્તિદાસ પટેલ, કોઠા. પ.પૂ. ગવૈયા સ્વામીની પારાયણ નિમિત્તે **વદી-૨-૩** પ.પૂ. ગવૈયા સ્વામીની પારાયણ નિમિત્તે **વદી-૫** પ.ભ. લલિતાબેન શંભુભાઈ અમીન. **વદી-૭** પ.ભ. મુળજીભાઈ કેશાભાઈ ચૌધરી, દોલારાણા વાસણા. **વદી-૮** પ.ભ. વાસુભાઈ રવાભાઈ મોરી, કાલીયાણા. પ.ભ. કૈલાસબેન રમેશભાઈ ઠક્કર, વાસણા. પ.ભ. હરિકૃષ્ણભાઈ હ. ગુરુ સ્વામી કાંકરિયા **વદી-૯** શ્રીજી મહારાજના શ્રાધ્ધ નિમિત્તે. **વદી-૧૨** પ.ભ. બળવંતરાય પુરૂષોત્તમદાસ ઠક્કર પ.ભ. રંજનબા (હવેલીવાળા) **વદી-૧૪** પ.ભ. વસંતભાઈ ત્રિભોવનભાઈ ટાંક, અમદાવાદ.

આસો સુદી-૪ પ.ભ. હિરાભાઈ જોઈતારામભાઈ પટેલ, નારણપુરા. પ.ભ. વિઠ્ઠલભાઈ કાળીદાસ, હાલોલ હ. વિષ્ણુપ્રસાદ સ્વામી ડભાણવાળા. પ.ભ. પુષ્પાબેન કુબેરદાસ દેસાઈ, ધોળકા **સુદી-૫** પ.ભ. દેવજીભાઈ નાથાભાઈ પટેલ, રાબડીયા સંતરામપુરા. **સુદી-૬-૭** પ.ભ. મનજીભાઈ શીવજીભાઈ હિરાણી તથા વનિતાબેન, લંડન. **સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણીબેન ગીરધરલાલ

ગજજર હ. પ.ભ. વાસુદેવભાઈ ગજજર, અમદાવાદ. **આસો વદી-૩** પ.ભ. મગનદાસ કાનદાસ પટેલ, ડાંગરવાવાળા. પ.ભ. મનજી વિશ્રામ વરસાણી, બળદિયા. પ.ભ. ધનલક્ષ્મીબેન રમણભાઈ ઠક્કર, અમદાવાદ. પ.ભ. અમૃતભાઈ લવજીભાઈ ચૌધરી (મેમ્બરશ્રી), બાલવા. **વદી-૬** પ.ભ. અનંતભાઈ એન. મહેતા. **વદી-૮** અ.નિ. પુરાણી સ્વામી નારાયણ પ્રિયદાસજી નિમિત્તે. **વદી-૯** પ.ભ. ધીરજલાલ નાથાલાલ સોની (પ્રાંગધ્રાવાળા) અ.નિ. પુ. સ્વામી નારાયણપ્રિયદાસજી (નિમિત્તે) **વદી-૧૦** પ.ભ. દશરથસિંહ ઉદેસિંહ ચૌહાણ, પાલડી-કાંકજ. પ.ભ. પ્રહલાદભાઈ પટેલ. **વદી-૧૨** પ.ભ. રમેશભાઈ રણછોડલાલ મારફતીયા, ન્યુજર્સી. **વદી-૧૩** પ.ભ. શાંતિભાઈ છગનલાલ પટેલ હ. પ.ભ. સુરેન્દ્રભાઈ પટેલ.

કારતક સુદી-૮ પ.ભ. જયંતિભાઈ કાનજીભાઈ હ. આનંદ સ્વામી, કાંકરિયા. પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ (મેમ્બરશ્રી), અમદાવાદ. **સુદી-૧૨** પ.ભ. સોમાભાઈ નરસિંહભાઈ પટેલ, ગુલાબપુરાવાળા. **સુદી-૧૩** અ.નિ. ડાહ્યાભાઈ શંકરદાસ પટેલ હ. લાલજીભાઈ, રાણીપ. પ.ભ. રમેશભાઈ વાલજીભાઈ સુખડીયા હ. છગનભાઈ સુખડીયા. **સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણીબેન ગીરધરલાલ ગજજર હ. પ.ભ. વાસુદેવભાઈ ગજજર અમદાવાદ. **કારતક વદી-૧** હાલારી સુરત સત્સંગ સમાજ. પ.ભ. વિક્રમભાઈ ચતુરભાઈ પટેલ વાવોલ. **વદી-૩** અ.નિ. મંગુબેન શંકરભાઈ પટેલ, સાયરા. **વદી-૮** પ.ભ. મનુભાઈ પટેલ, અમદાવાદ-બાપુનગર. **વદી-૧૩** પ.ભ. અમીબેન ચિરાગભાઈ શાહ, વડોદરા.

માગસર સુદી-૪ પ.ભ. પુજાભા વાલાભા, રતનપુર. **સુદી-૫** પ.ભ. ડાહ્યાભાઈ જેસીંગભાઈ ચૌધરી, બદપુરા. **સુદી-૭** પ.ભ. હરિબેન ઉમેદભાઈ પટેલ, અમદાવાદ. **સુદી-૮** પ.ભ. પ્રવિણચંદ્ર ચુનીલાલ પટેલ, સેવાલીયા ખેડા **સુદી-૧૨** પ.ભ. રાજુલબેન ગાલા, અમેરિકા. **સુદી-૧૩** પ.ભ. મોહનભાઈ રાધવજીભાઈ પટેલ, બાપુનગર. પ.ભ. રોનકભાઈ તથા જીનલબેન પટેલ. **સુદી-૧૪** પ.ભ. સિધ્ધિ પ્રોડકટ પાનોલી હ. મહેશભાઈ અંકલેશ્વર **સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણીબેન ગીરધરલાલ ગજજર હ. પ.ભ. વાસુદેવભાઈ ગજજર અમદાવાદ. **માગસર વદી-૫** પ.ભ. પ્રશાંતભાઈ, લંડન. પ.ભ. રમણલાલ પોપટલાલ સોની. **વદી-૧૩** પ.ભ. દિલીપભાઈ ભાવસાર, નવરંગપુરા. પ.ભ. ગીરીશભાઈ કાળીદાસ પટેલ, સોજા-અમદાવાદ. **વદી-૧૪** પ.ભ. ગોરધનભાઈ પ્રહલાદભાઈ પટેલ, સોજા-નારણપુરા. **વદી-૩૦** પ.ભ. પારૂલબેન.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ મંદિર : શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદના સંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી ભગવતપ્રસાદદાસજી ગુરુ વૈદ્ય-સ્વામી નરનારાયણદાસજી માગસર વદ-૧૧ના શ્રીહરિનું અખંડસ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

બળોલ-ભાલ : (મૂળી દેશ) સ.ગુ. દેવાનંદ સ્વામીના બળોલ ગામના અ.નિ.પ.ભ. મોહનભાના પૌત્ર અને સક્રિય યુવા કાર્યકર શ્રીરાધાકૃષ્ણદેવ અને પૂ. મહારાજશ્રીના નિષ્ઠાવાન સરપંચશ્રી બળવંતસિંહ વાલજીભાઈ પરમાર શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. અત્રે ગામ અને સમાજમાં યુવા કાર્યકરની મોટી ખોટ પડી છે. શ્રીજી મહારાજ તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

સાપાવાડા (તા. ઈડર) : આપણા અમદાવાદ મંદિરના સેવાભાવી નિષ્ઠાવાન એકાઉન્ટન્ટ પ.ભ. ઈશ્વરભાઈ મોહનભાઈ પટેલના માતુશ્રી અ.સૌ. રેવીબેન મોહનભાઈ પટેલ તા. ૧૨-૧-૨૦૦૫ના રોજ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અખંડ નામ સ્મરણ કરતા સૌને જયશ્રી સ્વામિનારાયણ બોલીને શ્રીજી મહારાજના ધામમાં સિધાવ્યા છે. શ્રીહરિ તેમને પોતાના ધામના ધામે સુખિયા કરે તેવી પ્રાર્થના છે.

અમદાવાદ ટાટાનગર : પ.ભ. ગાંડાભાઈ ઉકાભાઈ પટેલ તા. ૧-૧-૦૫ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વડનગર : અગ્રગણ્ય હરિભક્ત પ.ભ. રણછોડદાસ જીવરામદાસ પટેલ તા. ૫-૧-૦૫ પ.ભ. સુબોધચંદ્ર ગણપતલાલ ભાવસાર, પ.ભ. રસિકલાલ વનમાળીદાસ ભાવસાર, પ.ભ. ચંદુલાલ ડાહ્યાલાલ ભાવસાર, પ.ભ. ત્રિભોવનદાસ કુબેરદાસ મોદી શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. શ્રીજી મહારાજ તેમના પરિવારજનો ને તેમનો વિરહ સહન કરવાનું બળ અર્પે.

પ્રાંતિજ : પ.ભ. હિરાબેન બબલદાસ મોદી તા. ૨૫-૧૨-૦૪ના રોજ અને પ.ભ. રોહિતકુમાર રસિકલાલ મોદી (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સભ્ય) તા. ૨૭-૧૨-૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : આપણા મંદિરના પ્રેસ મેનેજરશ્રી મોહનભાઈ રાજપૂતના માતુશ્રી દિવાળીબા તા ૧૭-૧૨-૦૪ના રોજ પ્રભુ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

જમીયતપુરા મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થઈ.





અંબાજી માં શિબિર પ્રસંગે સંત-હરિભક્તો સાથે દર્શન આપતાં પ.પૂ.ધ.ધુ.આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



જમીયતપુરા મંદિરમાં યજ્ઞની પૂર્ણાહુતિ કરતાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્ર અને યજમાન પ.ભ. દશરથભાઈ પટેલ (મેમ્બરશ્રી) લાભ લઈ રહ્યા છે.



અંબાજીમાં શિબિર પ્રસંગે પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરતાં પ.ભ. હરિકિશનભાઈ ઠક્કર અને પરિવારજનો.



ધમાસણા મંદિરમાં શાકોત્સવનો વધાર કરતાં



શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપમાં શાકોત્સવ પ.પૂ.ધ.ધુ.આચા



સીડની મંદિરમાં કથા-પારાયણની આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી અને સાથે લાભ લેતાં મૂખ્ય યજમાન શ્રી દેવરાજભાઈ હાલારીયા અને શ્રી ખીમજીભાઈ વાધજીયાણી

સીડની મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની નિશ્રામાં શોભાયાત્રા ધામધૂમથી સંપન્ન થઈ હતી.